# પ્રકરણ : ૧૬

# જ્યોતિષી દેવ અને તેના વિષયજન્ય દુઃખ

**પ્રકરણની રૂપરેખા**



- ✪ પ્રાસ્તાવિક
- **જ્યોતિષી દેવ કોને કહે છે ?**
- **જ્યોતિષી દેવનું સ્વરૂપ**
- **ચક્રવર્તીદ્વારા સૂર્યના જિનબિંબના દર્શન**
- **જ્યોતિષી દેવના વિષયજન્ય દુઃખ**
  - વિષય કોને કહે છે ?
  - **વિષયજન્ય દુઃખ અને તેના પ્રકાર**
    1. વિષયને ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિનું દુઃખ
    2. વિષયના ભોગવટા સમયે થતાં ખેદનું દુઃખ
       1. વિષયનો ભોગવટો પરાધીન છે.
       2. વિષયોનું સાધન યુગપદ થતું નથી.
       3. વિષયની પ્રવૃત્તિ બાધાવાળી છે.
       4. કર્મબંધનના કારણરૂપ પરિણામ દુઃખના જ હોય.
       5. વિષયના નિમિત્તે થતા આત્માના પરિણામ દુઃખરૂપ જ હોય.
       6. વિષયનું સેવન તૃષ્ણા ઘટાડતું નથી પણ વધારે છે.
       7. વિષયજન્ય કહેવાતું સુખ એ ભ્રાંતિ છે, વાસ્તવિકતા નથી.
    3. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિનું દુઃખ
- **વિષયજન્ય દુઃખ મટાડવાનો ઉપાય**
- ✪ ઉપસંહાર

(હરિગીત)

**વિષયો વિષે રતિ જેમને દુઃખ છે સ્વાભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે.**

**ભાવાર્થઃ** જેમને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ છે તેમને દુઃખ પણ સ્વાભાવિકપણે છે. જો તેઓ સ્વભાવિકપણે જ દુઃખી ન હોય તો તેઓ વિષયોની પ્રવૃતિ ન કરે પણ તેઓ વિષયોની પ્રવૃતિ કરતા જોવા મળે છે. તેથી વિષયોની આસક્તિ રાખનારા અને વિષયોની પ્રવૃતિ કરનારા બધાં જીવો દુઃખી જ જાણવા.(પ્રવચનસાર : ગાથા ૬૪)



જે સંસારી જીવ પાંચ ઇન્દ્રિયના વિષયમાં આસક્તિ રાખે છે અને તેથી તે ઇન્દ્રિયના વિષયની પ્રવૃત્તિમાં જોડાય છે તેને સ્વાભાવિકપણે જ સહજ રીતે જ દુઃખી જાણવા. ઇન્દ્રિયના વિષયની આસક્તિ પોતે જ દુઃખ છે અને તે દુઃખ દૂર કરવા જીવ વિષયજન્ય પ્રવૃત્તિ કરતો જોવા મળે છે. તેથી વિષયોની પ્રવૃત્તિમાં જોડાયેલા જીવો દુઃખી જાણવા.

જેમ કોઇને દાહજ્વર હોય તે જ માથા ઉપર ઠંડા પાણીના પોતા મૂકતો જોવા મળે છે. શીતજ્વર હોય તે જ પરસેવો વળે તેઓ ઉપચાર કરતો જોવા મળે છે. કોઇને ક્યાંય કાપો થયો હોય તે જ પોતાના ઘા ઉપર પાટાપીંડી કરતો જોવા મળે છે. કાંઇક બિમારી હોય તે જ હોસ્પીટલમાં સારવાર કરાવતો જોવા મળે છે. તેમ જેને દુઃખ હોય તે જ વિષયોની પ્રવૃત્તિ કરતો જોવા મળે છે. સઘળાં અજ્ઞાની જીવો વિષયોની પ્રવૃત્તિમાં જોડાયેલાં જોવા મળે છે. સ્વર્ગના દેવો પણ તેમાંથી બાકાત નથી. જ્યોતિષી દેવોમાં વિષયોની આસક્તિની પ્રચુરતા જોવા મળે છે. તેઓ પોતાની દેવી સાથે વિચરણ કરતા જોવા મળે છે. તેથી આ દેવો પણ દુઃખી જાણવા.

વિષયોની આસક્તિ તો દુઃખરૂપ છે જ પણ આ દુઃખ મટાડવા માટે કરવામાં આવતી વિષયોની પ્રવૃત્તિ પણ દુઃખરૂપ જ છે. વાસ્તવિકપણે વિષયોની પ્રવૃત્તિથી તે દુઃખ મટતું નથી કે ઘટતું નથી પણ વધુ જ વકરે છે. જેમ કોઇ ઘણો દુઃખી માણસ પોતાનું દુઃખ સહન ન થાય ત્યારે તે દુઃખ દૂર કરવા માટે નિરાધાર પર્વતના શિખર ઉપરથી ઝંપલાવીને આપઘાત કરે છે. પણ તેથી તેનું દુઃખ દુર થતું નથી અને તે નરકમાં જઇને વધારે ભયંકર અને અસહ્ય દુઃખ ભોગવે છે. તેમ વિષયોની આસક્તિનું દુઃખ ધરાવતો જીવ પોતાનું દુઃખ સહન ન થાય ત્યારે તે દુઃખ દૂર કરવા માટે પાંચ ઇન્દ્રિયના વિષયમાં ઝંપાપાત કરીને પોતાના સ્વભાવનો જ ઘાત કરે છે અને તેથી તેનું દુઃખ દૂર થતું નથી પણ તે વધુ વકરે છે.

જ્યોતિર્વાસી દેવો મહાપુણ્યશાળી છે અને તેમને ઇષ્ટ વિષયોની સઘળી સામગ્રી સંપ્રાપ્ત છે. વિષયોની

આસક્તિના કારણે તેઓ વિષયોની સામગ્રીનો ભોગવટો કરે છે. પણ તેમની આ આસક્તિ અને ભોગવટો તેમના દુઃખને જ દર્શાવે છે. જ્યોતિર્વાસી દેવોમાં આ વિષયજન્ય દુઃખની મુખ્યતા છે. તેથી વિષયજન્ય દુઃખનું વર્ણન જ્યોતિષી દેવના આધારે કરવામાં આવે છે. પણ તે પહેલાં જ્યોતિષી દેવ કોને કહેવાય ? અને તેનું સ્વરૂપ શું છે ? તે જાણીએ.

## જ્યોતિષી દેવ કોને કહે છે ?

**ભવનવાસી અને વ્યંતરવાસી દેવ કરતાં ઊંચી કક્ષાના અને વૈમાનિક દેવ કરતાં નીચી કક્ષાના દેવગતિના દેવો જ્યોતિષી દેવ કહેવાય છે.**

જ્યોતિર્વાસી એટલે જ્યોતિર્મય નિવાસસ્થાન ધરાવનારા. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા જેવા તેજોમય કે જ્યોતિર્મય વિમાનોમાં રહેતા હોવાને કારણે આ દેવો જ્યોતિર્વાસી દેવ તરીકે પણ જાણીતા છે.



જ્યોતિષી એટલે ભવિષ્યનું ફલાદેશ ભાખનારો. સૂર્ય, ચંદ્ર, ગ્રહ વગેરેની ગતિ અને સ્થાનના આધારે મનુષ્ય વગેરે ઉપર તેની શુભાશુભ અસર અને ભવિષ્યના ફળાદેશની જ્યોતિષી વિષયક આગાહી થઇ શકે છે.તેથી સૂર્ય, ચંદ્ર, ગ્રહ વગેરેમાં રહેનારા દેવોનું 'જ્યોતિષી' નામ સાર્થક છે.

## જ્યોતિષી દેવનું સ્વરૂપ

**મધ્યલોકની મધ્યમાં આવેલ સુમેરુપર્વત ફરતે પ્રદક્ષિણા કરતા સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા જેવા જ્યોર્તિમય વિમાનોમાં વસતા દેવગતિના દેવને જ્યોતિષી દેવ કહે છે.**

આ દેવોનું સ્વરૂપ ટૂંકાણમાં નીચે મુજબ છે.

**દિવ્યતા :** દિવ્યતા ધરાવનારા હોય તે દેવ છે. પણ દેવોમાંય જ્યોતિ જેવી 'દેદિપ્યમાન દિવ્યતા ધરાવતા દેવો તે જ્યોતિષી દેવો છે. જ્યોતિષી દેવોનું શરીર તેજસ્વી અને દેદીપ્યમાન હોય છે. તેમના દિવ્ય શરીરમાં સાતધાતુઓ, મળ, મૂત્ર, કેશ, નખ વગેરે હોતા નથી. તેમના નિરામય શરીરમાં કોઇ રોગ હોતો નથી. તેમનું શરીર નિગોદના જીવથી રહિત હોય છે. તેમના શરીરનું સંસ્થાન સમચતુરસ્ર પ્રકારનું ઉત્તમ હોય છે. તેમને મનુષ્ય જેવો કવલાહાર હોતો નથી પણ માનસિક આહાર હોય છે. જેમાં કંઠમાંથી અમી ઝરે છે. તેમનાં રહેઠાણના સ્થાન સુગંધથી વ્યાપ્ત, મણિરત્નોથી સુશોભિત અને દેખાવમાં મનોહર હોય છે. આ દેવો પોતાની પ્રિય દેવાંગનાઓ સાથે ઇચ્છિત ભોગને ભોગવે છે. ઉત્તમ નૃત્ય જુએ છે અને મધુર સંગીત માણે છે. આવી અનેક પ્રકારની દિવ્યતાઓ જ્યોતિષી દેવને હોય છે.

**પ્રકાર :** જ્યોતિષી દેવોના તેમના રહેઠાણની અપેક્ષાએ પાંચ પ્રકાર છે – ૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર અને ૫. તારા. જ્યોતિષી દેવોમાં તેમની કામગીરીની અપેક્ષાએ ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષક, લોકપાળ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્વિષિક જેવા દશ પ્રકારના ભેદની કલ્પના પણ હોય છે. તેથી આ દેવો કલ્પવાસી દેવોની ગણનામાં આવે છે.

**પરિવાર :** જ્યોતિષી દેવના એક પરિવારમાં એક ચંદ્ર દેવ હોય છે તે પરિવારના ઇન્દ્ર ગણાય છે. એક સૂર્ય દેવ હોય છે તે પ્રતીન્દ્ર કહેવાય છે. તે ઉપરાંત ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી (એટલે કે લગભગ ૬.૭×૧૦$^{૧૮}$) જેટલા તારાગણના દેવ હોય છે. સંપૂર્ણ મધ્યલોકમાં જ્યોતિષી દેવના આવા અસંખ્ય પરિવાર છે.

**અવસ્થાન :** સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એ જ્યોતિષી દેવોના નિવાસના વિમાનો છે. આ દરેકમાં અસંખ્ય દેવો રહે છે. સૂર્યના કિરણો ઉષ્ણ હોય છે પરંતુ તેમાં મૂળ બિંબમાં ઉષ્ણતા હોતી નથી. સૂર્યના બિંબમાં સ્થિત પૃથ્વીકાયિક જીવોને આતાપ નામકર્મનો ઉદય હોય છે. તેના કારણે તેમાંથી નીકળતા કિરણો ઉષ્ણ હોય છે. સૂર્ય સિવાયના બાકીના ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાના વિમાનોના બિંબમાં રહેલ પૃથ્વીકાયિક જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. તેના કારણે તેમાંથી નીકળતા કિરણો ઉષ્ણ હોતા નથી અને શીતળ હોય છે. મનુષ્યક્ષેત્રના અઢીદ્વીપમાં આવેલ સૂર્ય, ચંદ્ર વગેરે જ્યોતિષી દેવોના વિમાનો સુમેરુપર્વતની ફરતે પ્રદક્ષિણા કરતા હોય છે. અઢી દ્વીપની બહારના બધા સૂર્ય, ચંદ્ર વગેરે જ્યોતિષી વિમાનો સ્થિર હોય છે.

**અવગાહના :** જ્યોતિષી દેવના મૂળ શરીરની ઊંચાઇ સાત ધનુષ (૧૧.૨ મીટર) જેટલી હોય છે. વિક્રિયાથી

દેવ પોતાના શરીરને નાનું-મોટું કરી શકે છે.

**આયુ :** જ્યોતિષી દેવનું ઓછામાં ઓછું આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે. ઉત્કૃષ્ટ આયુષ્યમાં ચંદ્ર દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્ય (૪.૧૩×૧૦[illegible] વર્ષ)ને એક લાખ વર્ષ છે. સૂર્ય દેવનું એક પલ્ય (૪.૧૩× ૧૦[illegible] વર્ષ)ને એક હજાર વર્ષ છે. શુક્ર ગ્રહમાં રહેનાર શુક્રદેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યને (૪.૧૩×૧૦[illegible] વર્ષ)ને એક વર્ષ છે. ગુરુગ્રહમાં રહેતા દેવનું એક પલ્ય (૪.૧૩×૧૦[illegible] વર્ષ) અને બાકીના ગ્રહમાં રહેતા દેવનું આયુષ્ય અડધા પલ્ય (૨.૦૭×૧૦[illegible] વર્ષ)નું હોય છે. બાકીના નક્ષત્ર અને તારાઓમાં રહેતા દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧/૪ પલ્ય (૧.૦૪×૧૦[illegible]) જેટલું હોય છે. જ્યોતિષી દેવની દેવાંગનાનું આયુષ્ય પોતાના દેવ કરતાં અડધું જાણવું.

**અવધિજ્ઞાનનો વિષય :** જ્યોતિષી દેવનો અવધિજ્ઞાનનો વિષય ભવનવાસી દેવ કરતાં અસંખ્યગણો વધુ હોય છે.

**જ્યોતિષી દેવમાં ઉપજવાનું કારણ :** જ્યોતિષી દેવમાં સમ્યગ્દષ્ટિ જીવ ઉપજતો નથી. તેથી મિથ્યાત્વ સહિત પુણ્યોપાર્જન કરનારો જીવ જ્યોતિષી દેવમાં ઉપજે છે. પંચાગ્નિ તપ અને મિથ્યા કાયકલેશ વડે પુણ્યોપાર્જન કરનારો જીવ પણ જ્યોતિષી દેવમાં ઉપજે છે.

જ્યોતિષી દેવની ગતિ-આગતિ, કાય-પ્રવીચાર, વિક્રિયા ઋદ્ધિ અને સમ્યક્ત્વનો અધિકાર વ્યંતર દેવ જેવો જાણવો. તે સિવાય તેમની પર્યાપ્તિ, જન્મનો પ્રકાર વગેરેનું સ્વરૂપ ભવનવાસી દેવ જેવું સમજવું. તેથી અહીં આપવામાં આવતું નથી.

## ચક્રવર્તી દ્વારા સૂર્યના જિનબિંબનાં દર્શન

મધ્યલોકમાં અસંખ્ય જ્યોતિષી વિમાનો આવેલા છે. તેમાં જ્યોતિષી દેવ રહે છે. દરેક સૂર્ય, ચંદ્ર વગેરે જ્યોતિષી વિમાનમાં શાશ્વત જિનમંદિર અને તેમાં શાશ્વત જિનપ્રતિમાઓ હોય છે. અસંખ્ય જ્યોતિષી વિમાનમાં આવા અસંખ્ય શાશ્વત જિનમંદિર છે. આપણા ભરતક્ષેત્રના ચક્રવર્તી આપણા





સૂર્યના વિમાનમાં રહેલા શાશ્વત જિનમંદિર અને તેમાં આવેલા શાશ્વત જિનપ્રતિમાના દર્શન કરી શકે છે. સુમેરુપર્વતની ફરતે પ્રદક્ષિણા કરતો સૂર્ય જ્યારે પહેલી ગલીમાં હોય છે ત્યારે મોટા દિવસે આપણી પૃથ્વી સૂર્યથી સૌથી નજીક આવે છે. તે સમયે દક્ષિણાયનના દિવસ (શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા કે ૨૨મી જૂન)ની સવારે અયોધ્યાનગરીમાં પોતાના મહેલના ઝરૂખામાંથી ચક્રવર્તી સૂર્ય વિમાનમાં સ્થિત અકૃત્રિમ જિનબિંબના દર્શન કરી ધન્યતા અનુભવે છે. તે સમયે ચક્રવર્તીની આંખ અને સૂર્ય વચેનું અંતર ૪૭૨૬૩ મહાયોજન એટલે કે લગભગ ૩૦૨૪૮૫૭૪૦૦૦ કિ.મી. જેટલું હોય છે. ચક્ષુઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય પણ આટલો જ હોય છે.

## જ્યોતિષી દેવના વિષયજન્ય દુઃખ

**સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઈન્દ્રિયો વડે**
**નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે.**

ભાવાર્થ : નરેન્દ્ર, અસુરેન્દ્ર અને સુરેન્દ્ર જેવા ઈન્દ્રોને પણ પાંચ ઈન્દ્રિયોના વિષયજન્ય દુઃખની પીડા સહજપણે છે. વિષયજન્ય દુઃખથી પીડિત વર્તતા થકા તેઓ દુઃખ નહિ સહી શકવાના કારણે પાંચ ઈન્દ્રિયોના રમ્ય વિષયોમાં રમે છે.

(પ્રવચનસાર : ગાથા ૬૩)

વિષયની ઈચ્છા અને તેના ભોગવટાથી થતા દુઃખને વિષયજન્ય દુઃખ કહે છે. દેવલોકના દેવો અને ઈન્દ્રો પણ આવા વિષયજન્ય દુઃખની પીડાથી પીડિત વર્તતા થકા તે દુઃખ સહન નહિ કરી શકવાથી તે દુઃખનો પ્રતિકાર કરવા માટે ઈન્દ્રિયોના વિષયોમાં રમે છે. તેથી તેઓ વિષયોની ઈચ્છાથી અત્યંત દુઃખી છે તે નક્કી થાય છે. તેઓ પોતાનું દુઃખ દૂર કરવા માટે પ્રાપ્ત વિષયોમાં ઝંપાપાત કરે છે પણ આ વિષયોના ભોગવટોથી તેમનું દુઃખ જરાપણ મટતું નથી અને ઊલટાનું વધે છે. જેમ અગ્નિથી દાઝેલો નારકી પોતાની દાહની વેદના સહન નહિ કરી શકવાથી વૈતરણી નદીમાં પ્રવેશ કરે છે, પણ તેથી તેની દાહ મટતી નથી અને ઊલટાની વધે છે. તેમ વિષયોની ઈચ્છાની પીડાથી પીડિત જીવ પોતાની પીડા સહન

નહિ કરી શકવાથી તે પીડાના પ્રતિકાર માટે વિષયનો ભોગવટો કરે છે, પણ તેથી તેની પીડા મટતી નથી અને ઊલટાની વધે છે. આવા વિષયજન્ય દુઃખથી સઘળાં સંસારી જીવો દુઃખી છે. દેવલોકના દેવો અને ઇન્દ્રો પણ તેમાં સમાવિષ્ટ છે.

બીજા પ્રાણીઓમાં પાંચ પૈકી એકાદ ઇન્દ્રિયના વિષયની આસક્તિ હોય છે. તોપણ તેની પીડા મરણથી પણ અધિક હોય છે. મનુષ્યમાં પાંચેય ઇન્દ્રિયોના વિષયની આસક્તિ જોવા મળે છે. આ વિષયોથી વિરક્તિ ધરાવનાર મનુષ્ય જ પારમાર્થિક પંથમાં પ્રવેશ પામી શકે છે. તેથી અહીં વિષય અને તેના દુઃખનું વિસ્તૃત વિવેચન આપવામાં આવે છે.

## વિષય કોને કહે છે ?

**સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનની પોતપોતાના જ્ઞેય પદાર્થને વિષય કહે છે.**



સ્પર્શેન્દ્રિયનો વિષય કોમળ-કઠોર, હલકો-ભારે, સ્નિગ્ધ-રુક્ષ અને શીત-ઉષ્ણ મળીને આઠ પ્રકારનો છે. રસનેન્દ્રિયનો વિષય તીખો, કડવો, તૂરો, ખારો અને મીઠો મળીને પાંચ પ્રકારનો છે. ઘ્રાણેન્દ્રિયનો વિષય સુગંધ અને દુર્ગંધ એમ બે પ્રકારનો છે. ચક્ષુઇન્દ્રિયનો વિષય લાલ, પીળો, વાદળી, કાળો અને સફેદ મળીને પાંચ પ્રકારનો વર્ણ છે. શ્રોત્રેન્દ્રિયનો વિષય ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સાત પ્રકારના સ્વર છે. મનનો વિષય શ્રુતજ્ઞાન અને તેના દ્વારા થતા અનેક પ્રકારના વિકલ્પો છે. આમ પાંચ ઇન્દ્રિયના સત્તાવીસ અને મનનો એક મળીને કુલ અઠ્ઠાવીસ પ્રકારના વિષય છે. આ મૂળ વિષય છે. તેના પેટા વિષય અનેક છે.

## વિષયજન્ય દુઃખ અને તેના પ્રકાર

**વિષયને ભોગવતા પહેલા તેની આસક્તિ, વિષયના ભોગવટા સમયે થતો ખેદ અને વિષયના ભોગવટા પછી રહી જતી અતૃપ્તિને વિષયજન્ય દુઃખ કહે છે.**

વિષયને ભોગવ્યા પહેલા તેની આસક્તિનું દુઃખ, ભોગવતા સમયે વધતી જતી તૃષ્ણા તેમજ ખેદનું દુઃખ અને ભોગવ્યા પછી થતી અતૃપ્તિનું દુઃખ એ બધું વિષયજન્ય દુઃખ છે. આ રીતે વિષયને ભોગવતા પહેલા, ભોગવતી વખતે અને ભોગવ્યા પછી આ જીવ દુઃખ, દુઃખ ને દુઃખને જ પામે છે. તેથી વિષયજન્ય દુઃખને આપણે ત્રણ ભાગ કે તબક્કામાં વહેંચી શકીએ. જેને વિષયજન્ય દુઃખનાં ત્રણ પ્રકાર પણ કહી શકાય છે. જે આ પ્રમાણે છે-

૧. વિષયને ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિનું દુઃખ.
૨. વિષયના ભોગવટા સમયે થતાં ખેદનું દુઃખ.
૩. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિનું દુઃખ.

### ૧. વિષયને ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિનું દુઃખ

**પાંચ ઇન્દ્રિયના વિષયને ભોગવવાની ઇચ્છાના કારણે થતી આકુળતાને વિષયને ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિનું દુઃખ કહે છે.**

વિષયની આસક્તિનું મૂળ કારણ જીવનું અજ્ઞાન છે. અજ્ઞાન મટવાથી વિષયની આસક્તિ અને તેના કારણે થતું દુઃખ મટે છે. જ્યાં સુધી જીવનું અજ્ઞાન ઊભું હોય ત્યાં સુધી વિષયની આસક્તિમાં કોઇ ફેર પડતો નથી. જીવના બધાં દુઃખનું મૂળ કારણ આ અજ્ઞાન જ છે. અજ્ઞાનના કારણે વિષયની આસકિત અને તેનું દુઃખ કઇ રીતે ઉત્પન્ન થાય છે તે અહીં ક્રમશઃ નીચેના છ મુદ્દાઓ દ્વારા સમજાવવામાં આવે છે.

#### ૧.૧. આ જીવને અનાદિનું અજ્ઞાન પ્રવર્તે છે. અજ્ઞાનના કારણે મોહ-રાગ-દ્વેષ રહે છે.

મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મિથ્યાત્વને જીવનું અજ્ઞાન કહે છે. અનાદિથી ચાલ્યા આવતા અજ્ઞાનના કારણે જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન-શ્રદ્ધાન-આચરણ નથી. સ્વરૂપના જ્ઞાન અને ભાન વિના તેને પરપદાર્થમાં એકત્વબુદ્ધિ-ઇષ્ટબુદ્ધિ-અનિષ્ટબુદ્ધિરૂપ મોહ-રાગ-દ્વેષ રહે છે.

#### ૧.૨. મોહ-રાગ-દ્વેષને કારણે જીવની જ્ઞાન-દર્શનની શકિત હીણી થઈ જાય છે.

જીવનો જ્ઞાન-દર્શનનો ઉપયોગ મોહ-રાગ-દ્વેષ અનુસાર પ્રવર્તે છે. જીવની જ્ઞાન-દર્શનની શક્તિ

મોહના કારણે પરમાં પોતાપણું, રાગના કારણે પરમાં ઇષ્ટપણું અને દ્વેષના કારણે પરમાં અનિષ્ટપણું માની તે અનુસાર રોકાઇ જાય છે, કેન્દ્રિત થઇ જાય છે. પોતાના સ્વભાવથી સંપૂર્ણ લોકાલોકને જાણનારી જ્ઞાન-દર્શનની શક્તિ મોહ-રાગ-દ્વેષના કારણે હણાઇ જાય છે, સંકુચિત થઇ જાય છે, મર્યાદિત થઇ જાય છે, બીડાઇ જાય છે, કુંઠિત થઇ જાય છે, રૂંધાઇ જાય છે. તેથી મોહી-રાગી-દ્વેષી હોય તેવા અજ્ઞાનીનું જ્ઞાન અત્યંત હીણું બની જાય છે.

### *૧.૩. જ્ઞાનનાં હીણાંપણાના કારણે પ્રત્યક્ષ એવા અતીન્દ્રિય જ્ઞાનનો અભાવ વર્તે છે અને પરોક્ષ એવા ઇન્દ્રિય જ્ઞાનનો આશ્રય પ્રવર્તે છે.*

જેમ જેની આંખ નબળી છે તેને આંખ વડે જોવા માટે ચશ્માનો આશ્રય હોય છે. તેમ જેનું જ્ઞાન હીણું છે તેવા અલ્પજ્ઞ પ્રાણીને જ્ઞાન વડે જાણવા માટે ઇન્દ્રિયોનો આશ્રય હોય છે. આવા અલ્પજ્ઞ પ્રાણીને પોતાના જ્ઞાન માટે પ્રત્યક્ષ એવા અતીન્દ્રિય જ્ઞાનનો અભાવ હોય છે અને પરોક્ષ એવા ઇન્દ્રિય જ્ઞાનનો આશ્રય હોય છે.

### *૧.૪. પરોક્ષ જ્ઞાનનો આશ્રય કરતાં જીવને પરોક્ષ જ્ઞાનની સામગ્રી એવી ઇન્દ્રિયો પ્રત્યે સ્વભાવથી જ મૈત્રી પ્રવર્તે છે.*

અલ્પજ્ઞ જીવની જાણવા-દેખવાની પ્રવૃત્તિ કોઇની સહાય વિના પોતાના પ્રત્યક્ષ એવા અતીન્દ્રિયજ્ઞાન વડે હોતી નથી. પણ તે પરોક્ષ એવા ઇન્દ્રિય જ્ઞાન વડે હોય છે. તેથી તેને પરોક્ષ એવા ઇન્દ્રિય જ્ઞાનની સામગ્રી એવી ઇન્દ્રિયો પ્રત્યે સ્વભાવથી જ મૈત્રી પ્રવર્તે છે. આવી મૈત્રીના કારણે તે એમ માને છે કે ત્વચા, જીભ, નાસિકા, નેત્ર, કાન અને મન એ બધાં મારા અંગ છે. એ વડે જ હું દેખું-જાણું છે. આવી માન્યતાના કારણે તેને ઇન્દ્રિયોમાં પરમ પ્રીતિ હોય છે અને જ્યાં પ્રીતિ હોય ત્યાં મૈત્રી હોય છે.

### *૧.૫. ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી પામેલા પ્રાણીને ઉદયમાં આવેલ મહામોહરૂપી 'કાલાગ્નિ તેમને કોળિયો કરી ગયો હોવાથી તપી ગયેલા લોખંડના ગોળાની માફક અત્યંત આસક્તિ ઉત્પન્ન થાય છે.*

ઇન્દ્રિયો પ્રત્યે પ્રીતિ અને મૈત્રી પામેલા પ્રાણીને ઇન્દ્રિયો દ્વારા વિષય ગ્રહણની આસક્તિ હોય જ છે. અને તેમાંય ઉદયમાં આવેલ મોહના આવેશ અનુસાર તે ઇન્દ્રિયો દ્વારા વિષય ગ્રહણની આસક્તિ વધતી જાય છે. આમ ઇન્દ્રિયોના આશ્રયે પ્રવર્તતું ક્ષાયોપશમિક એવું પરોક્ષ જ્ઞાન મોહકર્મના ઉદયના કારણે વધુ તીવ્ર આસક્તિવાળું બને છે.

જેમને પ્રત્યક્ષ એવું અતીન્દ્રિય જ્ઞાન વર્તે છે તેમનું વલણ સ્વભાવ તરફ હોય છે અને જેમને પરોક્ષ એવું ઇન્દ્રિયજ્ઞાન વર્તે છે તેમનું વલણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ જેવા પર વિષયોને ગ્રહણ કરવાની આસક્તિ રાખનારૂં હોય છે. સ્વભાવ તરફના વલણથી સંતોષ અને પરવિષયોને પકડવા તરફના વલણથી આસક્તિ બને છે. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવને ગ્રહણ કરવાનો વિષય બનાવતો નથી અને સ્વભાવના સ્વવિષયને ચૂકીને પરવિષયોને ગ્રહણ કરવાની વૃત્તિ રાખે છે. તેથી તેને સંતોષને બદલે તૃષ્ણા પ્રવર્તે છે. મોહનો ઉદય આ તૃષ્ણાને વધુ પ્રજ્જવલિત કરે છે તેથી મોહના ઉદય અનુસાર આ તૃષ્ણા વધતી જાય છે. આ બાબત ફરીથી આ નીચે લોખંડનાં ગોળાના દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે.

**દૃષ્ટાંત** : જેમ લોખંડના ગોળાને પોતાના સ્વભાવથી જ પાણીને ગ્રહણ કરવાની આસક્તિ હોય છે. ભેજ ગ્રહણની આસક્તિ ધરાવતા લોખંડના ગોળાને પ્રચંડ અગ્નિ કોળીયો કરી જાય છે અને તેથી અગ્નિના તાપ અનુસાર તેને પાણીની અત્યંત તૃષ્ણા પેદા થાય છે.

**સિદ્ધાંત** : તેમ ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી પામેલા પ્રાણીને સ્વભાવથી જ ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવાની આસક્તિ હોય છે. વિષયાસક્તિ ધરાવતા પ્રાણીને ઉદયમાં આવેલ મહામોહરૂપી પ્રચંડ કાલાગ્નિ કોળીયો કરી જાય છે અને તેથી તેને મોહકર્મના ઉદય અનુસાર વિષયની અત્યંત તૃષ્ણા ફાટી નીકળે છે.

### *૧.૬. વિષયની પીડાનું દુઃખ મરણના દુઃખથી પણ અધિક છે.*

વિષયને ભોગવતા પહેલાં તેની આસક્તિનું દુઃખ દરેક પ્રકારે જાણી શકાય તેવું તેમજ પ્રત્યક્ષ અનુભવગમ્ય છે. વિષયની પીડાનું આ દુઃખ મરણના દુઃખથી પણ અધિક હોય છે. આ બાબત પંડિત ટોડરમલજી નીચેના શબ્દોમાં કહે છે–

*"...મોહના નિમિત્તથી એ ઇન્દ્રિયોને પોતપોતાના વિષય ગ્રહણની નિરંતર ઇચ્છા રહ્યા જ કરવાથી આ જીવ આકુળ–*

*વ્યાકુળ બની દુઃખી થઇ રહ્યો છે. એવો દુઃખી થઇ રહ્યો છે કે કોઇ એક વિષયના ગ્રહણ અર્થે પોતાના મરણને પણ ગણતો નથી. જેમ હાથીને કપટની હાથણીનું શરીર સ્પર્શવાની, માછલીને જાળમાં લગાવેલું માંસ ચાખવાની, ભમરાને કમળના ફુલની સુગંધ સુંઘવાની, પતંગિયાને દીપકનો વર્ણ દેખવાની તથા હરણને રાગ સાંભળવાની એવી ઇચ્છા હોય છે કે તત્કાલ મરણ ભાસે તોપણ મરણને ન ગણતાં વિષયોનું ગ્રહણ કરે છે. તેથી મરણ થવા કરતાં પણ ઇન્દ્રિયોના વિષય સેવનની પીડા અધિક જણાય છે.*

(મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ત્રીજો, પાનુ ૫૧)

વિષયને ભોગવતા પહેલાં વિષયની ઈચ્છા કે આસક્તિના કારણે જીવનું સ્વભાવપ્રતિઘાતરૂપ ભાવમરણ હોય છે. વિષના ભોગવટાથી મરણ અને તેનું દુઃખ હોય છે પણ વિષયના ભોગવટા પહેલાં જ તેના સ્મરણથી થતી આસક્તિના કારણે ભાવમરણ અને તેનું દુઃખ હોય છે. તેથી વિષના ભોગવટા કરતાંય વિષયની આસક્તિ હાનિપ્રદ છે. કહ્યું પણ છે–

विषस्य विषयाणां हि, पश्यते महद अंतरम् ।
उपभुक्तं विषं हन्ति, विषयां स्मरणाद् अपि ।।


ભાવાર્થ : વિષ અને વિષયમાં આ તફાવત ઘણો મોટો છે : વિષના ભોગવટાથી મરણ થાય છે. પણ વિષયના ભોગવટા પહેલાં જ તેના સ્મરણથી થતી આસક્તિથી જ મરણ થાય છે. (સંસ્કૃત સુભાષિત)

## ૨. વિષયના ભોગવટા સમયે થતાં ખેદનું દુઃખ

**પાંચ ઈન્દ્રિયના વિષયના ભોગવટા સમયે વિષયના ભોગવટાના કારણે થતા શોક, સંતાપ, દિલગીરી, થાક વગેરેરૂપ ખેદ એ વિષયના ભોગવટા સમયે થતાં તેના ખેદનું દુઃખ કહેવાય છે.**

શોક, સંતાપ, દિલગીરી, થાક વગેરેને ખેદ કહે છે. ખેદ એ આકુળતારૂપ હોવાથી દુઃખનું જ સ્વરૂપ છે. વિષયનો ભોગવટો ખેદમય હોવાથી દુઃખરૂપ છે.

ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી ધરાવતા અજ્ઞાની જીવને ઇન્દ્રિય વિષયની આસક્તિ અવશ્ય હોય છે. જેમ કોઇ રોગી હોય તેને જ રોગમાં અલ્પ રાહત આપતી ઔષધીનો ઉપચાર કરતો જોવામાં આવે છે, તેમ જે કોઇ વિષયાસક્તિની પીડાથી દુઃખી હોય તેને જ તેના તે દુઃખમાં ઘડીભર રાહત આપનાર વિષયોના ભોગવટાનો ઉપચાર કરતો જોવામાં આવે છે. જ્યોતિષી દેવો પણ ઇન્દ્રિય વિષયોને ગ્રહણ કરવાની



આસક્તિથી પીડિત વર્તતા થકા તે પીડાને સહન નહિ કરી શકવાથી તે પીડામાં ઘડીભર રાહત આપનારા મનાતા રમ્ય વિષયોમાં રમે છે. તે ખરેખર તેમના દુઃખને જ દર્શાવે છે.

ઇન્દ્રિય વિષયની આસક્તિ દુઃખ છે અને તે દુઃખપણે જ અનુભવાય છે. પણ અજ્ઞાની જીવને ઇન્દ્રિયના વિષયનો ભોગવટો દુઃખપણે બિલકુલ અનુભવાતો નથી અને પ્રત્યક્ષપણે તે સુખપણે અનુભવાય છે. તેથી આ ભોગવટો તે સુખ નથી પણ દુઃખ છે તે બાબત બેસાડવી બહુ કઠણ પડે છે. પરવિષયોનો ભોગવટો પણ દુઃખ જ છે તે બાબત સમજાય તો અને તો જ આ જીવ પોતાનું સુખ પોતાના આત્મામાં જ છે તેવો ભરોસો લાવી તેને મેળવવાનો ઉપાય વિચારે. માટે આ બાબતની થોડી વિસ્તૃત ચર્ચા અહીં કરીએ છીએ અને તે માટે વિષયનો ભોગવટો કઇ રીતે ખેદરૂપ હોવાથી દુઃખરૂપ છે ? તેની સમજૂતી નીચેના સાત મુદ્દાઓને આધારે આપવામાં આવે છે.

૨.૧. વિષયનો ભોગવટો પરાધીન છે.
૨.૨. વિષયોનું સાધન યુગપદ થતું નથી.
૨.૩. વિષયની પ્રવૃત્તિ બાધાવાળી છે.
૨.૪. કર્મબંધનના કારણરૂપ પરિણામ દુઃખના જ હોય .
૨.૫. વિષયના નિમિત્તે થતા આત્માના પરિણામ દુઃખરૂપ જ હોય.
૨.૬. વિષયનું સેવન તૃષ્ણા ઘટાડતું નથી પણ વધારે છે.
૨.૭. વિષયજન્ય કહેવાતું સુખ એ ભ્રાંતિ છે, વાસ્તવિકતા નથી.

### ૨.૧. વિષયનો ભોગવટો પરાધીન છે

**જે બીજાને આધીન હોય તેને પરાધીન કહે છે. વિષયનો ભોગવટો પરાધીન હોવાથી ખેદરૂપ અને દુઃખરૂપ છે.**

જે કાંઇ પરાધીન છે તે સઘળુંય દુઃખ છે. અન જે કાંઇ સ્વાધીન છે તે જ સુખ છે. દુઃખ અને સુખની આ સંક્ષેપ વ્યાખ્યા છે. લોકમાં પણ કહેવાય છે કે ''પરાધીનતામાં સ્વપ્નેય સુખ નહિ''. વિષયોનો ભોગવટો ઇન્દ્રિયો, મન, નિમિત્તો, પરવિષયો, વગેરે અનેક પરપદાર્થોને આધીન હોવાથી પરાધીન છે.

પરાધીન હોવાથી તે અત્યંત ખેદરૂપ અને તેથી દુઃખરૂપ છે.

વિષયનો ભોગવટો શાતા વેદનીયના ઉદયને અવલંબતો હોવાથી પણ પરાધીન છે. અને આ શાતા વેદનીયનો ઉદય સમુદ્રના ભરતી-ઓટની માફક વૃદ્ધિ-હાનિને પામતો હોવાથી અત્યંત અસ્થિર હોવાથી વિષમ છે. વળી અશાતા વેદનીયનો ઉદય તેને ચ્યૂત કરી નાંખતો હોવાથી તે ખંડિત પણ છે. આ રીતે પરાધીનતામાં વિષમતા અને ખંડિતતા પણ સમાવેશ પામે છે. તેથી પણ તે ખેદરૂપ અને દુઃખરૂપ છે.

## ૨.૨. વિષયોનું સાધન યુગપદ થતું નથી

**અજ્ઞાની જીવને અનેક પ્રકારના વિષયોને ભોગવટાની ઈચ્છા કાયમ માટે હોય છે. પણ તે તેનો ભોગવટો યુગપદ કરી શકતો નથી. તેને વિષયોનું સાધન યુગપદ ન થવાથી થતું દુઃખ કહે છે.**

યુગપદ એટલે એકસાથે. ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી ધરાવતા અજ્ઞાની જીવને પાંચેય ઇન્દ્રિયોના સઘળાં વિષયોને એકીસાથે ભોગવવાની ભાવના હોય છે અને મોહના આવેશથી એક એક વિષયને પણ અનેક પ્રકારે ગ્રહણ કરવાની ઇચ્છા હોય છે. પરંતુ આ જીવને બધાં પ્રકારની ઇચ્છાઓનું સાધન થાય તેવા વિષયોની પ્રાપ્તિ થતી નથી અને છદ્મસ્થ જીવ જે વિષયોની પ્રાપ્તિ હોય તેનું ગ્રહણ પણ એક સાથે કરી શકતો નથી. આ રીતે વિષયોનું સાધન યુગપદ નહિ થઇ શકતું હોવાને કારણે વિષયની પ્રવૃત્તિ ખેદરૂપ છે અને તેથી તે દુઃખરૂપ છે.

આ જીવને અનેક પ્રકારે અનેક વિષયોને ગ્રહણ કરવાની ઇચ્છા હોય છે. પુણ્યના ઉદયથી તે પ્રકારની ઇચ્છાનું સાધન બને છે. આ દેવોને પુણ્યના ઉદયની પ્રધાનતા છે. પરંતુ એવો પુણ્યનો ઉદય તો કોઇને નથી હોતો કે જેથી તેના બધાં પ્રકારની ઇચ્છાનું સાધન બને. વળી પુણ્યના ઉદયથી જે વિષયોની પ્રાપ્તિ થાય છે. તેનું સાધન પણ યુગપદ થઇ શકતું નથી. કેમ કે છદ્મસ્થ જીવ એક સમયે એક જ વિષયને ગ્રહણ કરી શકે છે અને એકથી વધુ વિષયને ગ્રહણ કરી શકતો નથી. પણ ભાવના તો એકસાથે બધાં જ વિષયોને ભોગવવાની હોય છે. એકસાથે બધાં વિષયોને ભોગવવાની ભાવનાથી આ દેવ કોઇને દેખે છે, તેને છોડી રાગ સાંભળવા લાગી જાય છે, તેને છોડી નૃત્ય જોવા બેસી જાય છે. વળી દેખવામાં પણ એકને દેખી અન્યને દેખવા લાગી જાય છે. આ પ્રમાણે અનેક વિષયોને એકસાથે ભોગવવાની ભાવનાના કારણે ઝડપથી વિષયોની ફેરબદલી થાય છે. વિષયોની આ ફેરબદલી તેની વ્યાકુળતાને જ બતાવે છે. વળી તેને જે સમયે જે વિષયનું સાધન થાય છે ત્યારે તે પ્રકારની ઇચ્છા મટતી નથી પણ વધે જ છે. કદાચિત્ તે પ્રકારની ઇચ્છા મટવાનું ભ્રાંતિથી ભલે માને પરંતુ તે જ સમયે બીજી અનેક પ્રકારની ઇચ્છાઓ પ્રગટપણે તેમ જ લબ્ધપણે રહેલી જ હોય છે. તેથી તેની આકુળતા ચાલુ જ રહે છે. આમ વિષયોનું સાધન યુગપદ થઇ શકતું ન હોવાથી વિષયોના ભોગવટા સમયે પણ જીવ એક સમયને માટે પણ નિરાકુળ રહેતો નથી. કેમ કે–

૧. તેને એવું પુણ્ય હોતું નથી કે જેથી બધાં જ પ્રકારની ઇચ્છાઓનું એક સાથે સાધન બને.
૨. પુણ્યના ઉદય અનુસાર અમુક પ્રકારની ઇચ્છાઓનું સાધન બને છે પણ છદ્મસ્થ હોવાને કારણે તેનું ગ્રહણ એક સાથે થઇ શકતું નથી.
૩. એક પછી એક ક્રમપૂર્વક વિષયોનું ગ્રહણ થવાથી તેની વ્યાકૂળતા વધે છે.
૪. પ્રગટપણે અને લબ્ધપણે અનેક ઇચ્છાઓ ઊભી રહેવાથી તે ક્યારેક્ય નિરાકુળ થઇ શકતો નથી.

**પ્રશ્ન : જીવને જો એવું પુણ્ય હોય કે બધી જ ઇચ્છાઓનું સાધન થાય એટલે કે બધાં જ વિષયોની પ્રાપ્તિ થાય અને તે વિષયોનો ભોગવટો પણ યુગપદ એટલે કે એકસાથે અને અક્રમે થાય ?**

**ઉત્તર** : આ જગતમાં તીર્થંકર ભગવાનને સર્વોત્કૃષ્ટ પુણ્યનો ઉદય હોય છે. તોપણ તેમનો પુણ્યનો ઉદય પણ એવો નથી કે જેથી બધાં જ વિષયોની પ્રાપ્તિ થાય. વળી આવું પુણ્ય પણ કેવળજ્ઞાન થતાં જ હોય છે. અને કેવળજ્ઞાન મોહનો સર્વથા અભાવ થતાં જ થાય છે. અને મોહનો સર્વથા અભાવ થતાં બધાં જ પ્રકારની ઇચ્છાઓનો જ સર્વથા અભાવ હોય છે. અને વિષયોની ઇચ્છાઓનો અભાવ થતાં વિષયોની પ્રાપ્તિ [1]અકિંચિત્કર છે.

બીજી રીતે જોઇએ તો વિષયોનો ભોગવટો યુગપદ અને અક્રમે કેવળજ્ઞાની સર્વજ્ઞભગવાનને જ સંભવે છે. તેથી વિષયોને યુગપદ કે અક્રમે ભોગવવા હોય તો

કેવળજ્ઞાન પ્રગટ કરવું જોઇએ અને કેવળજ્ઞાન ઇચ્છાનો અભાવ થતાં જ પ્રગટે છે અને ઈચ્છાઓનો અભાવ થતાં ભોગવટાનો કોઇ સવાલ જ નથી. આમ જેને ઇચ્છા છે તેને ભોગવટો યુગપદ સંભવતો નથી અને જેને ભોગવટો યુગપદ સંભવે છે તેને ઇચ્છા જ હોતી નથી. તેથી વિષયોનું સાધન યુગપદ હોતું જ નથી.

ઉપરોક્ત સમજૂતી અનુસાર વિષયોનું સાધન યુગપદ શક્ય નથી. તેથી વિષયની પ્રવૃત્તિ ખેદરૂપ અને દુઃખરૂપ છે.

## *૨.૩. વિષયની પ્રવૃત્તિ બાધાવાળી છે*

**જે પ્રવૃત્તિ કોઈ વિઘ્ન કે અડચણ સહિતની હોય તો તે બાધાવાળી કહેવાય છે. વિષયના ભોગવટાની પ્રવૃત્તિ તૃષ્ણાની પ્રગટ વ્યક્તતા સહિતની હોવાથી તે બાધાવાળી છે. અને તેથી તે ખેદરૂપ અને દુઃખરૂપ છે.**

ખાવાની પ્રવૃત્તિ ભૂખ હોય તે મુજબ હોય છે. પણ ભૂખ મટે પછી હોતી નથી. પીવાની પ્રવૃત્તિ તરસ હોય ત્યારે હોય છે. પણ તરસ છીપે પછી હોતી નથી. મૈથુનની પ્રવૃત્તિ કામાતુરપણું હોય ત્યારે હોય છે. પણ વીર્ય છૂટી ગયા પછી હોતી નથી. આમ જે તે પ્રકારના વિષયના ભોગવટાની પ્રવૃત્તિ તેની સાથે સંબંધિત જે તે પ્રકારની તૃષ્ણાની પ્રગટ વ્યક્તતા સહિતની જ હોય છે અને તૃષ્ણા વગર તે હોતી નથી. વિષયની પ્રવૃત્તિ સમયે પાપોદયના કારણ વિષયની પ્રાપ્યતા કે ભોગવટામાં કાંઈ વિઘ્ન કે અડચણ આવે તે તો બાધા છે જ પણ અહીં તો વિષયની તૃષ્ણા પોતે જ બાધા છે. વિષયની પ્રવૃત્તિ તૃષ્ણા સહિતની હોવાથી બાધાવાળી છે અને તેથી તે ખેદરૂપ અને દુઃખરૂપ છે.

**પ્રશ્ન :** ભૂખ લાગી હોય અને ખાવાનું ન મળે તો તે દુઃખ કહેવાય પણ ભાવતા ભોજન મળે અને ખાવાની પ્રવૃત્તિ થાય તેમાં દુઃખ ક્યાં આવ્યું ?

**ઉત્તર :** ભૂખ લાગી હોય અને ખાવાનું મળે ત્યારે જે ખાવાની પ્રવૃત્તિ થાય છે તે ખાવાની ઇચ્છા સહિત થાય છે કે ઇચ્છા વગર ? જો તે ઇચ્છા સહિત થાય છે તો તે બાધાવાળી છે. અને તેથી દુઃખરૂપ છે. અને ઇચ્છા વગર તો તે પ્રવૃત્તિ બનતી જ નથી.

**પ્રશ્ન :** ખાવાની પ્રવૃત્તિથી ખાવાની ઇચ્છા ઘટતી જાય છે અને તેથી દુઃખ ટળે છે અને સુખ મળે છે?

**ઉત્તર :** ખાવાની પ્રવૃત્તિથી ખાવાની ઇચ્છા ઘટતી નથી પણ વધે જ છે. વિષયનું સેવન તૃષ્ણા ઘટાડતું નથી પણ વધારે જ છે. તેની ચર્ચા હવે પછીના મુદ્દા નં. ૨.૬માં આવશે. તેથી તે ચર્ચા અહીં કરતા નથી.

**પ્રશ્ન :** ભાવતા ભોજન સમયે જે સુખ ભાસે છે તે શું છે ?

**ઉત્તર :** વિષયની પ્રવૃત્તિથી કોઇ સુખ થતું જ નથી. પણ દુઃખ જ થાય છે. શાસ્ત્રમાં શુભ-અશુભ, પુણ્ય-પાપ અને સુખ-દુઃખને પરમાર્થે સમાન કહ્યા છે. લૌકિકમાં જેને સુખ માનવામાં આવે છે તે પરમાર્થે દુઃખ જ છે. પણ અપારમાર્થિક રૂઢિથી તે દુઃખ હોવા છતાં તેને સુખ કહેવાની પદ્ધતિ છે. કોઇ માણસ ત્રણ દિવસથી ભૂખ્યો હોય અને તેથી દુઃખી હોય. ત્યારપછી તેને ભાવતા ભોજન મળે ત્યારે પણ તે દુઃખી જ જાણવો. ભોજન મળ્યા પહેલાં ભૂખની પીડાનું દુઃખ હોય છે અને ભોજન આરોગ્યા પછી પણ રહેતી અતૃપ્તિનું દુઃખ હોય છે અને તે તો બધાંને સ્વીકાર્ય છે. પણ ભાવતા ભોજન આરોગવા સમયે જે સુખ જેવું ભાસે છે, તે ખરેખર સુખ નથી પણ દુઃખ જ છે. અજ્ઞાનીના મોહજન્ય રતિભાવને કારણે તે દુઃખ હોવા છતાં સુખ જેવું ભાસે છે તે એક ભ્રાંતિ હોય છે. તેની ચર્ચા હવે પછીના પ્રકરણ : ૧૭માં આવશે. તેથી તે ચર્ચા અહીં કરતા નથી.

**પ્રશ્ન :** આખી દુનિયા વિષયોની પાછળ દોટ મૂકે છે. તો અમારે શું કરવું ?

**ઉત્તર :** આખી દુનિયાના બહુધા જીવો અજ્ઞાની છે અને તેથી તે વિષયોની પાછળ દોટ મૂકે છે. પણ જ્ઞાનીને આ વિષયભોગો હળાહળ ઝેર જેવા જણાય છે. તેથી જ ચક્રવર્તી હોય તેવા પણ ક્ષણવારમાં જ પોતાની વિષય સામગ્રીનો ત્યાગ કરી આત્મહિતની ઉગ્ર સાધના કરવા વનજંગલમાં ચાલ્યા જાય છે.

જેમ ખંજવાળનો રોગ થતા ખંજવાળવાથી કાંઇ બળતરા મટતી નથી પણ ઊલટાની વધે જ છે. તેમ છતાં ભ્રાંતિના કારણે ખંજવાળતા સમયે સારૂં લાગે છે અને રાહત જણાય છે. આવું જ વિષયની પ્રવૃત્તિ માટે જાણવું. ખંજવાળ મટાડવા માટે શરીરમાંના લોહીનો વિકાર મટાડવાનો ઉપાય કરવો જોઇએ તેમ વિષયની પ્રવૃત્તિનું બાધાવાળું દુઃખ મટાડવા માટે વિષયોની

તૃષ્ણા મટાડવાનો ઉપાય કરવો જોઇએ. સ્વરૂપની સાચી સમજણથી મનમાંથી વિષયોની તૃષ્ણા અવશ્ય નાશ પામે છે. તૃષ્ણા ટળી જવાથી વિષયો પાછળની દોટ પણ આપમેળે અટકી જશે. પરંતુ તૃષ્ણાપૂર્વકની વિષયની પ્રવૃત્તિ બાધાવાળી બનશે અને બાધા પોતે જ ખેદરૂપ હોવાથી તે દુઃખરૂપ થશે.

આ રીતે તૃષ્ણા સહિતની વિષયની પ્રવૃત્તિ બાધાવાળી હોવાથી ખેદરૂપ અને તેથી દુઃખરૂપ જાણવી.

## ૨.૪. કર્મબંધનના કારણરૂપ પરિણામ દુઃખના જ હોય

दुःखस्य कारणं ये विषयाः तान् सुखहेतुन् रमते ।
मिथ्यादृष्टिः जीवः अत्र न किं करोति ।।

ભાવાર્થ : પાંચ ઈન્દ્રિયોના વિષયો દુઃખના કારણ હોવા છતાં તેને સુખના કારણ માની મિથ્યાદષ્ટિ જીવ વિષયોમાં રમે છે. આ રીતે વિષયોમાં રમણ કરનારો જીવ કયા પાપને કરતો નથી ? અર્થાત્ સઘળાંય પાપકર્મના બંધનને કરે છે. (પરમાત્મપ્રકાશ : અ.૧ : દોહરો ૮૪)

વિષયના ભોગવટાના કારણે જીવને પાપકર્મનું બંધન થાય છે. આવા કર્મબંધનનું ફળ દુઃખ છે. જે દુઃખનું કારણ હોય તે પોતે પણ દુઃખરૂપ જ હોય છે. વિષયસેવન કર્મબંધનના કારણરૂપ પરિણામ હોવાથી તે દુઃખરૂપ હોય છે.

સહજ ચિદાનંદ સ્વરૂપની દષ્ટિ વિના પરવિષયોના ભોગવટામાંથી સુખ મેળવવાની બુદ્ધિ પોતે જ તૃષ્ણા છે અને તેનો ભોગવટો તે રાગ છે. વિષયસેવનની પ્રવૃત્તિમાં વળગેલી રાગાદિ દોષોની સેના અનુસાર કર્મરજના ધનપટલનો સંબંધ થાય છે જે પરિણામે [૪] દુઃસહ છે. કોઈપણ કર્મબંધનનું ફળ દુઃખ પ્રસિદ્ધ છે. પણ તેમાંય પાપકર્મનું ફળ અત્યંત દુઃખરૂપ છે. વિષયસેવનના પરિણામ એ અશાતાવેદનીયના પાપકર્મના બંધનનું કારણ છે. જેના પરિણામે નરકાદિ ગતિના ભયંકર દુઃખો ભોગવવા પડે છે. હવે જે પરિણામથી ભવિષ્યમાં દુઃખનું કારણ એવું કર્મબંધન થાય તે પરિણામ વર્તમાનમાં પણ દુઃખરૂપ જ હોય. કેમ કે, દુઃખરૂપ પરિણામનું ફળ દુઃખ અને સુખરૂપ પરિણામનું ફળ સુખ એ એક સમ્યક્ સિદ્ધાંત છે. જુઓ સિદ્ધાંત-સૂત્રમાં કહ્યું છે-

दुःख शोक ताप आक्रन्दन वध परिवेदनानि आत्म पर उभयस्थानि असत् वेद्यस्य ।

અર્થ : પોતામાં પરમાં કે બંનેના વિષયમાં દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ, [૫] પરિવેદના જેવા પરિણામ તે અશાતા વેદનીય કર્મના આસ્રવનું કારણ છે. (તત્વાર્થ સૂત્ર : અધ્યાય ૬, સૂત્ર ૧૧)

ઉપરોક્ત સિદ્ધાંત અનુસાર જેનાથી અશાતા વેદનીયના પાપકર્મનું બંધન થાય તે પરિણામ દુઃખના જ હોય. વિષય સેવનના પરિણામથી પણ અશાતા વેદનીય કર્મનું બંધન થાય છે. તેથી વિષય સેવનના પરિણામ એ દુઃખના જ પરિણામ સિદ્ધ થાય છે.

## ૨.૫. વિષયના નિમિત્તે થતા આત્માના પરિણામ દુઃખરૂપ જ હોય

**પરવિષયોના નિમિત્તે થતા આત્માના પરિણામ અશુદ્ધ કે વિભાવરૂપ હોય છે. આ વિભાવ આત્માને પ્રતિકૂળ હોવાથી દુઃખરૂપ હોય છે. તેથી વિષયના નિમિત્તે થતા આત્માના પરિણામ દુઃખરૂપ જ હોય છે.**

આત્માના કોઈપણ પરિણામ સમયે અનુકૂળ પરપદાર્થની ઉપસ્થિતિ હોય છે તેને નિમિત્ત કહે છે. અશુદ્ધ પરિણામ સમયે નિમિત્ત અશુદ્ધ હોય છે તેને પ્રેરક કહે છે. શુદ્ધ પરિણામ સમયે નિમિત્ત શુદ્ધ હોય છે તેને ઉદાસીન નિમિત કહે છે. વિષયો પ્રેરક નિમિત્ત હોવાથી તેના કારણે થતા આત્માના પરિણામ અશુદ્ધ અને વિભાવિક જ હોય છે. અને તેથી તે દુઃખરૂપ જ હોય છે.

ક્રિયા કે ઇચ્છા જેવા વિભાવિક કે અશુદ્ધ પરિણામ ધરાવનારા નિમિત્તને પ્રેરક નિમિત્ત કહે છે. વિષયો પ્રેરક નિમિત્ત છે. વિષયો જેવા પ્રેરક નિમિત્ત સાપેક્ષ થતા આત્માના ભોગવટાના નૈમિત્તિક પરિણામ પણ વિભાવિક કે અશુદ્ધ હોય છે. વિષયના ભોગવટાના નૈમિત્તિક પરિણામ અશુદ્ધ અને વિભાવિક હોવાથી તે દુઃખરૂપ જ હોય છે.

જીવના કોઈપણ કાર્યમાં અનુકૂળ પરદ્રવ્યના પરિણામ નિમિત્તપણે અવશ્ય હોય છે. જીવના શુદ્ધ સ્વાભાવિક કાર્યમાં પરદ્રવ્યના શુદ્ધ પરિણામ નિમિત્ત તરીકે હોય છે. તે ઉદાસીન નિમિત્ત કહેવાય છે અને તેમાં નૈમિતિક એવા સ્વાભાવિક કાર્યનું નિમિત્ત સાથેનું સાપેક્ષપણું હોતું નથી. જીવના અશુદ્ધ વિભાવિક કાર્યમાં પરદ્રવ્યના અશુદ્ધ પરિણામ નિમિત્ત તરીકે હોય છે. તે પ્રેરક નિમિત્ત કહેવાય છે અને તેમાં

નૈમિતિક એવા વિભાવિક કાર્યનું નિમિત્ત સાથેનું સાપેક્ષપણું હોય છે. વિષયના નિમિત્તે થતા આત્માના નિમિત્તસાપેક્ષ ભોગવટાના નૈમિત્તિક પરિણામ નિમિત્ત જેવા અશુદ્ધ અને વિભાવિક હોય છે. વિભાવિક પરિણામ આત્માને પ્રતિકૂળ છે અને તેથી તે દુ:ખરૂપ જ હોય છે. તેથી વિષય સાપેક્ષ આત્માના વિષયના ભોગવટાના પરિણામ અવશ્ય દુ:ખરૂપ જ હોય.

**પ્રશ્ન :** વિષયના નિમિત્તે થતા વિષય સાપેક્ષ આત્માના પરિણામ દુ:ખના જ હોય અને સુખના ન હોય તેમ શા માટે ?

**ઉત્તર :** સુખ એ આત્માનો સ્વભાવ છે. સ્વભાવની પ્રગટતામાં નિમિત્તે તરીકે ઉદાસીન નિમિત્ત હોવાથી તે પરિણામ નિમિત્ત નિરપેક્ષ હોય છે. તેથી આત્માની શુદ્ધ સ્વાભાવિક એવી સુખની દશા પ્રગટ કરવામાં કોઇ પરવિષયો કે નિમિત્તની અપેક્ષા હોતી નથી. હા, દુ:ખી થવામાં પ્રેરક નિમિત્ત હોવાથી નિમિત્તની અપેક્ષા જરૂર હોય છે. વિષયો પ્રેરક નિમિત્ત છે. તેથી વિષયોના લક્ષે થતા આત્માના પરિણામ દુ:ખરૂપ જ હોય. વિષયના લક્ષે આત્માના સુખરૂપ સ્વભાવનો ઘાત થઇ દુ:ખરૂપ વિભાવની ઉત્પત્તિ થાય છે. તેથી વિષયના નિમિત્તે થતા વિષય સાપેક્ષ આત્માના વિષયના ભોગવટાના પરિણામ દુ:ખના જ હોય અને સુખના કદાપિ ન હોય.

## ૨.૬. વિષયનું સેવન તૃષ્ણા ઘટાડતું નથી પણ વધારે છે

**પાંચ ઈન્દ્રિયોના વિષયના ભોગવટા માટેની ઈચ્છા, આસક્તિ, લોલુપતા, કામના, વાસના કે પિપાસાને વિષયસેવનની તૃષ્ણા કહે છે. વિષયના સેવનથી આ તૃષ્ણા ઘટતી નથી અને વધે છે. તેથી વિષયનું સેવન ખેદરૂપ અને દુ:ખરૂપ છે.**

વિષયની તૃષ્ણાનું દુ:ખ સહન નહિ થવાથી તે તૃષ્ણાના પ્રતિકાર માટે વિષયના સેવનનો ઉપાય કરવામાં આવે છે. પણ આ ઉપાય જૂઠો છે. તેથી વિષયની તૃષ્ણા મટતી નથી અને ઊલટાની વધે છે. તેથી તૃષ્ણાના કારણે થતું દુ:ખ પણ મટતું નથી અને વધે જ છે.

**પ્રશ્ન :** શા માટે વિષયનું સેવન એ વિષયની તૃષ્ણા મટાડતું નથી અને વધારે છે ?

**ઉત્તર :** વિષયની તૃષ્ણા ઉત્પન્ન થવાનું જે કારણ છે તે કારણનો અભાવ કરવાથી તે મટે. પણ તેના બદલે તે કારણનું જ સેવન કરવાથી તે મટે નહિ, પણ વધે જ એ બાબત સાવ દેખીતી છે.

સ્વભાવના સ્વલક્ષે સંતોષ અને તેથી થતું સુખ હોય છે. અને તેનાથી વિરુદ્ધ વિષયના પરલક્ષે તૃષ્ણા અને તેથી થતું દુ:ખ હોય છે. તૃષ્ણા અને તેથી થતું દુ:ખ મટાડવા માટે સ્વભાવનો લક્ષ અને તેનો આશ્રય કરવો જોઇએ તેમજ વિષયનું લક્ષ અને તેનો આશ્રય છોડવો જોઇએ. પણ તેના બદલે વિષયનું જ સેવન કરવામાં આવે તો તે તૃષ્ણા અવશ્ય વધે જ એ તદ્દન સ્પષ્ટ બાબત છે.

જેમ અગ્નિને બૂઝાવવા માટે તેના ઉપર પાણી છાંટવું જોઇએ પણ તેના બદલે તેમાં ઘી હોમવામાં આવે તો તે અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે. તેમ વિષયની તૃષ્ણા માટે પોતાના સ્વભાવનો આશ્રય કરવો જોઇએ પણ તેના બદલે વિષયનું સેવન કરવામાં આવે તો તે તૃષ્ણા વધુ ભડકી ઊઠે છે.

**પ્રશ્ન :** વિષયનું સેવન કરવાથી તૃષ્ણા કેમ વધુ ભડકી ઊઠે છે ?

**ઉત્તર :** પોતાનામાં કોઇ ઓછપ, ઊણપ કે અધૂરપ માની તેની પૂર્તિ કરવા માટે પરવિષયોનું પ્રયોજન ધરાવી વિષયના સેવન માટેની આસક્તિ રાખવી તેને તૃષ્ણા કહે છે.

પોતે પરિપૂર્ણ સ્વભાવે ભરચક ભરેલો ભગવાન છે. પોતાના જ્ઞાન, આનંદાદિ અનંત ગુણો પરિપૂર્ણ સ્વરૂપે રહેલા છે. પોતાના આ સ્વભાવમાં કોઇ આવરણ, ઊણપ કે અધૂરપ હોતી નથી. આ સ્વભાવનો આશ્રય કરવાથી સ્વભાવ જેવું પરિપૂર્ણ સામર્થ્ય પોતાની પર્યાયમાં પ્રગટે છે. તેથી સ્વભાવના આશ્રયે સંતોષ હોય છે.

પરંતુ અજ્ઞાનીને પોતાના આ સ્વભાવની ઓળખાણ અને અનુભવ ન હોવાના કારણે પોતાના સુખાદિ સાધન માટે પરવિષયો તરફ નજર દોડાવે છે. પરના લક્ષે સ્વભાવનું લક્ષ રહેતું નથી. સ્વભાવના લક્ષ અને આશ્રય વગર સ્વાભાવિક ગુણો અને તેથી થતો સંતોષ પોતાની પર્યાયમાં પ્રગટતો નથી. અને તેથી તે પર્યાયમાં ઓછપ, ઊણપ કે અધૂરપ વર્તાઇ છે. પોતાની પર્યાયની આવી ખોટ કે ખામી દૂર કરવા માટે પરવિષયોનું પ્રયોજન રાખવું તેનું નામ તૃષ્ણા છે.

આ રીતે સ્વભાવના લક્ષ અને આશ્રયથી સંતોષ અને પરવિષયના લક્ષ અને આશ્રયથી તૃષ્ણા હોય છે. ટૂંકમાં સ્વાશ્રયથી સંતોષ અને પરાશ્રયથી તૃષ્ણા હોય છે.

પરવિષયોમાં પોતાનું સુખ કે શાંતિ હોતા નથી. પણ અજ્ઞાની જીવ ભ્રાંતિથી એમ માને છે કે આ વિષયોનું સેવન કરવાથી મને સુખ અને શાંતિ મળે છે તેથી તે વિષયોનું વધુને વધુ સેવન કરે છે. પણ આ વિષયોનું સેવન એ તૃષ્ણાની ઉત્પત્તિ અને વૃદ્ધિનું જ કારણ હોવાથી તેના કારણે પોતાની તૃષ્ણા વધતી જ જાય છે.

જેમ કોઇને દાહજ્વર હોય તો તેના પ્રતિકાર માટે ટાઢક વળે તેવો ઉપચાર કરવો જોઇએ પણ તેના બદલે ગરમી થાય તેવો ઉપચાર કરવાથી તેનો દાહજ્વર વધુ વકરી ઊઠે છે. તેમ કોઇને તૃષ્ણા હોય તો તેના પ્રતિકાર માટે સ્વભાવનો આશ્રય કરવો જોઇએ પણ તેના બદલે વિષયસેવનનો ઉપચાર કરવાથી તેની તૃષ્ણા વધુ ભડકી ઊઠે છે.

**પ્રશ્ન : વિષયનું સેવન કરવાથી વિષયની તૃષ્ણામાં રાહત જણાય છે. તો તે તૃષ્ણાની વૃદ્ધિનું કારણ કેમ હોય?**

**ઉત્તર :** વિષયનું સેવન કરવાથી તે પ્રકારની તૃષ્ણાનું કાંઇક સાધન થાય છે. તેથી થોડી રાહત જરૂર જણાય છે. પણ વિષયનું સેવન કરવાથી અંદરમાં તે પ્રકારની તૃષ્ણા વધે પણ છે. તેથી એકંદરે તૃષ્ણાની વૃદ્ધિ જ થાય છે.

જેમ ખુજલી ખંજવાળતા સમયે તો સારું લાગે છે પણ અંદરમાં બળતરા વધતી જતી હોવાથી દુઃખની જ વૃદ્ધિ થાય છે. તેમ વિષયના સેવનના સમયે તો સારું લાગે છે પણ અંદરમાં તૃષ્ણા વધતી જતી હોવાથી દુઃખની જ વૃદ્ધિ થાય છે. અથવા જેવી રીતે સમુદ્રના ખારા જળથી મનુષ્યની તૃષા છીપતી નથી પણ તે ઊલટાનો વધુ ને વધુ તરસ્યો થાય છે. તેવી રીતે વિષયના સેવનથી આ જીવની તૃષ્ણા મટતી નથી અને તે વધુ ને વધુ તૃષ્ણાને પામે છે. જુઓ, આ દેવો પહેલાં તો દેવાંગનાને માત્ર જોવા જ ઇચ્છે છે. પણ પછી તેની સાથે હાસ્ય વિનોદની, રમવાની અને ભોગવવાની એમ તૃષ્ણા વધતી જ જાય છે. અરે ! સપ્ત ધાતુઓથી રહિત પવિત્ર વૈક્રિયિક શરીરના ધારણ કરવાવાળા આ દેવોને વીર્યક્ષરણનો સંબંધ નહિ હોવા છતાં તેમને મનુષ્યની જેમ શરીરથી સમાગમ કર્યા વિના તેમની વેદ નોકષાયની ' ઉદીરણા શાંત થતી નથી. વળી આ પ્રમાણે ભોગ ભોગવતાં પણ તેમની વિષયતૃષ્ણા સમાપ્ત થતી નથી. પણ ઇન્દ્રિય શ્રમિત થવાથી અથવા તે પ્રકારના કર્મની ઉદીરણા શાંત થઇ અન્ય પ્રકારની ઉદીરણા શરૂ થવાથી તેને છોડી અન્ય વિષયનો ઉપાય કરવા લાગી જાય છે.

**પ્રશ્ન : વિષયસેવન તો તૃષ્ણા મટાડવાનો ઉપાય છે. તો તેનાથી તૃષ્ણા વધે તે કેમ બને ?**

**ઉત્તર :** સ્વભાવના આશ્રયે પ્રગટ થતો સંતોષ એ તૃષ્ણા મટાડવાનો ઉપાય છે. પણ વિષયનું સેવન કરવું એ કોઇ તૃષ્ણા મટાડવાનો ઉપાય નથી. વિષયસેવનથી પોતાની તૃષ્ણાનું સાધન થતું માની અજ્ઞાની પ્રાણી તેની પાછળ દોટ મૂકે છે. તે જ બતાવે છે કે તેની તૃષ્ણા વધે છે અને તૃપ્તિ થતી નથી.

જેમ જળોને દૂષિત લોહી પીવાથી કોઇ તૃપ્તિ થતી નથી તેમ છતાં તે તૃપ્તિ થાય છે તેવું માની લોહી પીવાનું ચાલુ રાખે છે. જો લોહી પીવાથી તૃપ્તિ થતી હોય તો તે લોહી પીવાનું ક્યારેક બંધ કરે પણ તે લોહી પીવાનું સતત ચાલુ જ રાખે છે. તેટલું જ નહિ પણ તેનો વેગ વધારે છે. તે જ બતાવે છે કે તેને કોઇ તૃપ્તિ થતી નથી અને તૃષ્ણા વધે છે અને તેથી તે ફાટી પડવા સુધીનું દુઃખ ભોગવે છે. તેમ વિષયસેવન કરતાં જીવોની તૃષ્ણા વધે જ છે અને તે મરણ સુધીનું દુઃખ ભોગવે છે.

**પ્રશ્ન : તમો કહો છો કે વિષયસેવનથી તૃષ્ણા અને તેથી થતું દુઃખ વધે છે. પણ અમને તો સુખ ભાસે છે તેનું શું ?**

**ઉત્તર :** વિષયસેવનથી તૃષ્ણા અને તેથી થતું દુઃખ વધે જ છે. તોપણ જે સુખ જેવું ભાસે છે તે એક ભ્રાંતિ છે. તેની ચર્ચા હવે પછીના મુદ્દામાં કરવામાં આવશે.

જેમ કોઇ જળ હોય તો તે શીતળ અને સ્વાદુ હોવું જોઇએ. પણ ઝાંઝવામાં તેવું કોઇ જળ જ નથી. તેમ છતાં હરણ ભ્રાંતિથી તેમાં જળ માની તેની પાછળ દોટ મૂકે છે અને મરણ સુધીનું દુઃખ ભોગવે છે. તેમ કોઇ સુખ હોય તો તે નિરાકુળ અને શાંત હોવું જોઇએ. પણ વિષયમાં તેવું કોઇ સુખ જ નથી. તેમ છતાં અજ્ઞાની જીવ ભ્રાંતિથી તેમાં સુખ માની તેની

પાછળ દોડે છે અને મરણ સુધીનું દુઃખ ભોગવે છે. તેથી વિષયની તૃષ્ણા મટાડવા માટે વિષયનું સેવન કરવાને બદલે સ્વભાવના આશ્રયે તેનો ત્યાગ કરવો જોઇએ.

**પ્રશ્ન :** આ તૃષ્ણારૂપી ખાડો ભારે વિચિત્ર જણાય છે. વિષયના સેવનથી તે વધુ ઊંડો થાય છે અને વિષયના ત્યાગથી તે પૂરાય છે ?

**ઉત્તર :** હા, એમ જ છે. તૃષ્ણાના ત્યાગથી જ તૃષ્ણારૂપી ખાડો પૂરાય છે. જગતમાં પ્રત્યક્ષ જણાય છે કે, કોઇ ખાડામાંથી માટી, પથ્થર આદિ ખોદી કાઢવામાં આવે તેમ તેમ તે ખાડો વધુ ને વધુ ઊંડો થતો જાય છે. અને તેમાં માટી, પથ્થર આદિ નાંખવામાં આવે તેમ તેમ તે વધુ ને વધુ પૂરાતો જાય છે. પણ આશ્ચર્યની વાત એ છે કે આ જીવને વિષયની તૃષ્ણારૂપી ખાડો એવો વિલક્ષણ છે કે તેમાં જેમ વિષયોની સામગ્રી નાખવામાં આવે એટલે કે વધુને વધુ વિષયોનું સેવન કરવામાં આવે તેમ તેમ તે ખાડો વધુને વધુ ઊંડો થતો જાય છે અને સ્વભાવના લક્ષે જેમ જેમ તેમાંથી એ સામગ્રી કાઢવામાં આવે એટલે કે સમ્યગ્જ્ઞાનના બળ વડે વિષયોનો ત્યાગ કરવામાં આવે તેમ તેમ તે પૂરાય છે. માટે વિષયની તૃષ્ણા મટાડવા માટે વિષયનું સેવન કરવાના બદલે તેનો ત્યાગ કરવો જોઇએ. આ બાબત શ્રી ગુણભદ્ર આચાર્ય નીચેના શબ્દોમાં કહે છે –




(અનુષ્ટુપ)

आशाखनि: अगाधेयम्, अध: कृतम् जगत्त्रया।
उत्सर्प्योत्सर्प्य तत्र स्थान, अहो सदभी: समीकृता ।।

**ભાવાર્થ :** જેણે જગતનાં ત્રણેય લોકને નીચા કરી રાખ્યા છે એવી આ વિષય તૃષ્ણારૂપી ખાણ અત્યંત અગાધ છે. શરીર પરિણામી જીવોએ અનાદિકાળથી આજ સુધી તેમાં અગાધ સામગ્રી નાખ નાખ કરવા છતાં હજુ સુધી પણ તે કોઈથી પૂરી શકાય નથી. તેમ છતાં એ પરમ આશ્ચર્ય છે કે સત્પુરુષો એ સામગ્રીને કાઢીને તેને ક્ષણવારમાં પૂર્ણ કરે છે. (આત્માનુશાસન : શ્લોક નં. ૧૫૭)

## ૨.૭. *વિષયજન્ય કહેવાતું સુખ એ એક ભ્રાંતિ છે વાસ્તવિકતા નથી*

**પાંચ ઈન્દ્રિયોના વિષયસેવનને વિષયજન્ય સુખ કહેવાની અજ્ઞાની જીવની પરંપરાથી ચાલી આવતી પદ્ધતિ છે. આ વિષયજન્ય કહેવાતું સુખ એ પરમાર્થે દુઃખ જ છે. તેથી તેને સુખ માનવું એ એક ભ્રાંતિ છે, વાસ્તવિકતા નથી.**

આ જગતમાં વાસ્તવિક સુખ એક જ પ્રકારે હોય છે. તેથી સુખ બે પ્રકારના નથી – એક લૌકિકપણે મનાતું વિષયજન્ય ઇન્દ્રિય સુખ અને બીજું પારમાર્થિકપણે મનાતુ આત્મિક અતીન્દ્રિય સુખ. લૌકિકમાં વિષયના ભોગવટો કરવાથી જે વિષયજન્ય સુખ માનવામાં આવે છે તે પરમાર્થે દુઃખ જ છે. તે દુઃખ હોવા છતાં અજ્ઞાની જીવ તેને ભ્રાંતિથી સુખ માને છે. ભ્રાંતિ એટલે જેમાં જેની હયાતિ કે ઉપસ્થિતિ જ નથી તેમ છતાં તેને તેમાં માનવી તે એક ભ્રાંતિ છે. જેમ ઝાંઝવામાં જળ નથી, આકાશમાં ફુલ નથી, ગધેડાને શીંગડા નથી, રેતીમાં તેલ નથી તેમ છતાં તેમાં તેને માનવું તે એક ભ્રાંતિ છે. તેમ વિષયોમાં સુખ નથી તેમ છતાં તેને માનવું તે એક ભ્રાંતિ છે. પારમાર્થિક, વાસ્તવિક અને સત્ય સુખ તો એક માત્ર આત્મિક અતીન્દ્રિય સુખ જ છે. વિષયના ભોગવટાને લૌકિકમાં વિષયજન્ય સુખ તરીકે ઓળખવામાં આવે છે. પણ તે કોઇ સુખ નથી પણ દુઃખ છે. અજ્ઞાની જીવો પોતાના અજ્ઞાનના કારણે ભ્રાંતિથી તેને સુખ માનતા હોવાથી તેને સુખ કહેવાની એક અપારમાર્થિક રૂઢિ છે.

જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી તેમ વિષયોથી સુખની પ્રાપ્તિ થતી નથી. અજ્ઞાની હરણ ઝાંઝવામાં જળ માની તેની પાછળ દોટ મૂકે છે, તે તેની ભ્રાંતિ છે. તેમ અજ્ઞાની જીવ વિષયોમાં સુખ માની તેની પાછળ દોટ મૂકે છે તે તેની ભ્રાંતિ છે. ભ્રાંતિના કારણે અજ્ઞાની જીવ વિષયના ભોગવટામાં સુખ ન હોવા છતાં સુખ માને છે. વિષયના ભોગવટો સમયે થતી આ ભ્રાંતિ નીચેના ત્રણ પ્રકારે હોય છે–

૨.૭.૧. વિષયોનો ભોગવટો ઈચ્છાનુસાર થતો ન હોવા છતાં તેને ઈચ્છાનુસાર માનવાની ભ્રાંતિ
૨.૭.૨. વિષયોને ભોગવી શકાતા ન હોવા છતાં તેને ભોગવી શકાય છે તેમ માનવાની ભ્રાંતિ
૨.૭.૩. વિષયોના ભોગવટાના ભાવથી દુઃખ હોવા છતાં તેને સુખ માનવાની ભ્રાંતિ

### *૨.૭.૧. વિષયોનો ભોગવટો ઈચ્છાનુસાર થતો ન હોવા છતાં તેને ઈચ્છાનુસાર માનવાની ભ્રાંતિ*

**વિષયની ઈચ્છાનુસાર વિષયનો ભોગવટો નથી. તેમ છતાં ઈચ્છિત ભોગવાય છે એવી જે અજ્ઞાની જીવની ખોટી માન્યતા હોય છે તેને વિષયોનો ભોગવટો ઈચ્છાનુસાર માનવાની ભ્રાંતિ કહે છે.**

જીવને મોહ અને મિથ્યાત્વના કારણે અનેક પ્રકારના પરવિષયોને ભોગવવાની ઇચ્છા હોય છે. પુણ્યના ઉદયથી તે વિષયો પૈકી કોઇકનું સાધન બને છે ત્યારે અજ્ઞાની જીવ તેને પોતાની ઇચ્છાનુસારનો ભોગવટો માની સુખ અનુભવે છે. પરંતુ તે એક ભ્રાંતિ છે.

આ જીવને ઇચ્છાનુસારનો ભોગવટો શક્ય નથી. કેમ કે ઇચ્છાનો ભાવ અને ભોગવટાનો ભાવ એ બંને પોતાના સ્વભાવને ચૂકીને થયેલાં ચારિત્ર મોહનીયકર્મના ઉદય અનુસારના વિભાવભાવો છે. બન્ને એક જ ચારિત્રગુણના વિકારીભાવો છે. તેથી તેઓ એક સાથે સંભવી શકતા નથી. આથી જ્યારે ઇચ્છા હોય છે ત્યારે ભોગવટો હોતો નથી. અને ભોગવટા સમયે ઇચ્છા હોતી નથી. તેથી ઇચ્છાનુસારનો ભોગવટો સંભવતો જ નથી.

**પ્રશ્ન : અમને તો ઇચ્છાનુસારનો જ ભોગવટો ભાસે છે. તે શું છે ?**

**ઉત્તર :** ઇચ્છાનો ભાવ અને ભોગવટાનો ભાવ એ બંને પરચારિત્રરૂપ વિભાવદશા છે. બન્ને એક જ ચારિત્રગુણની વિભાવદશા હોવા છતાં બન્નેનો આશ્રય જુદા પ્રકારનો છે. વળી બન્નેમાં નિમિત્તભૂત કર્મનો ઉદય પણ જુદા પ્રકારનો છે. ઇચ્છા સમયે પાપકર્મના ઉદય અનુસારનો અરતિભાવ અને ભોગવટા સમયે પુણ્યકર્મના ઉદય અનુસારનો રતિભાવ હોય છે. તેથી ઇચ્છા અને ભોગવટામાં કાળભેદ છે અને બન્ને એક સાથે એક સમયે હોતા નથી. આથી ઇચ્છિત ભોગવાતું નથી અને જે ભોગવાય છે તેની ઇચ્છા હોતી નથી. તોપણ **છદ્મસ્થ** જીવ પોતાના અસંખ્ય સમયના પરિણામને જુદા જુદા ગ્રહી શકતો નથી અને એક સાથે ગ્રહે છે. જેમ સીનેમાના પડદા ઉપર પડતા ચિત્રો સ્થિર હોવા છતાં તે એટલાં ઝડપથી ફરે છે કે તેમને જુદા જુદા પકડી શકાતા નથી તેથી તેઓ સ્થિર હોવા છતાં ચલચિત્ર તરીકે જણાય છે. તેમ ઇચ્છાના ભાવ અને ભોગવટાના ભાવ વિભાવભાવ હોવાથી વિનાશિક અને ક્ષણિક છે અને તેથી તેઓ ઝડપથી બદલાતાં જાય છે અને જીવ તેને જુદા જુદા ગ્રહણ કરી શકતો નથી. તેથી ઇચ્છાનુસાર ભોગવટો થાય છે તેમ જણાય છે. પણ તે એક ભ્રાંતિ જ છે અને આવી ભ્રાંતિનું નામ જ અજ્ઞાન છે અને અજ્ઞાનને કારણે જ ઇચ્છાનુસારનો ભોગવટો ભાસે છે.

**પ્રશ્ન : જ્ઞાનીને પણ ઇચ્છા અને ભોગવટો હોય છે. તો શું જ્ઞાની ઇચ્છાનુસારનો ભોગવટો નથી માનતા ? જ્ઞાનીને ઇચ્છા અને ભોગવટાની વાંછા નથી હોતી ?**

**ઉત્તર :** જ્ઞાની ઇચ્છાનુસાર ભોગવટો થાય છે તેમ માનતા નથી. તેથી તેમને ઇચ્છા અને ભોગવટાની વાંછા હોતી નથી. તેમ છતાં જ્ઞાનીને જે ઇચ્છા અને ભોગવટો જણાય છે તે તેમનો અભિપ્રાયનો દોષ નથી પણ અસ્થિરતાનો દોષ છે. પોતાના પુરુષાર્થની કમજોરી અને કર્મની બળજોરીના કારણે જ્ઞાનીને જે અસ્થિરતા હોય છે, તેથી તેમને અલ્પ ઇચ્છા અને તેના પ્રતિકારપણે ભોગવટો જણાય છે. પણ જ્ઞાનીને તે દુઃખરૂપ વેદાય છે અને તેથી જ્ઞાની તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે.

અજ્ઞાની ઇચ્છાનુસાર ભોગવટો માની ઇચ્છા અને ભોગવટો એ બંનેની વાંછા રાખે છે. પણ જ્ઞાની સમજી શકે છે કે જ્યારે ભોગવટો હોય છે ત્યારે ઇચ્છા હોતી નથી અને ઇચ્છા હોય છે ત્યારે ભોગવટો હોતો નથી. જ્યારે ઇચ્છાનુસારના ભોગવટાનો ભાવ આવે ત્યાં સુધીમાં ઇચ્છાનો ભાવ વિણસી ગયો હોય છે. તો ઇચ્છા વિના કોને ભોગવવું ? અને જ્યારે ઇચ્છા હોય ત્યારે ભોગવટો હોતો નથી. ભોગવટો ન હોય ત્યારે જ તે પ્રકારની ઇચ્છા હોય. તો ભોગવટા

વિનાની ઇચ્છા શું કામની ? ઇચ્છા અને ભોગવટાનો મેળાપ ક્યારેય સંભવતો નથી તેથી ઇચ્છાનુસારનો ભોગવટો સંભવતો જ નથી. આવી પરિસ્થિતિને પામી જનારો જ્ઞાની ઇચ્છા અને ભોગવટાની નિષ્ફળ વાંછા કરતો નથી. તેથી જ્ઞાની ઇચ્છા અને ભોગવટો એ બંને પ્રકારના ભાવથી દૂર જ રહે છે. આ બાબત આચાર્યશ્રી કુંદકુંદ નીચેના શબ્દોમાં કહે છે–

(હરિગીત)

**રે ! વેદ્ય વેદક ભાવ બંને સમય સમયે વિણસે,**
**એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે.**

**ભાવાર્થ :** વેદક ભાવ એટલે કે ઇચ્છાનુસારના ભોગવટોનો ભાવ અને વેદ્યભાવ એટલે કે ભોગવવાની ઇચ્છાનો ભાવ. એ બન્ને ભાવો સમયે સમયે વિનાશ પામે છે તેથી મનોવાંછિત વેદાતું નથી. આવું જાણનાર જ્ઞાની તે બન્ને ભાવોને કદાપિ વાંછતો નથી. અને તેનાથી દૂર જ રહેવાનો ઉપાય કરે છે. (સમયસાર : ગાથા ૨૧૬)

ઉપરોક્ત સમજૂતી અનુસાર વિષયોનો ભોગવટો ઇચ્છાનુસાર નથી. તેમ છતાં તેને ઇચ્છાનુસાર માનવો તે અજ્ઞાનીની ભ્રાંતિ છે. તેથી વિષયજન્ય કહેવાતું સુખ એ પણ એક ભ્રાંતિ છે અને વાસ્તવિક્તા નથી.

### ૨.૭.૨. *વિષયોને ભોગવી શકાતા ન હોવા છતાં તેને ભોગવી શકાય છે તેમ માનવાની ભ્રાંતિ*

**આ જીવ પરવિષયોને ભોગવતો નથી અને ભોગવી શકતો પણ નથી. તેમ છતાં વિષયોને ભોગવી શકાય છે તેવી અજ્ઞાની જીવની જૂઠી માન્યતા છે. તેને વિષયોને ભોગવી શકાતા ન હોવા છતાં તેને ભોગવી શકાય છે તેમ માનવાની ભ્રાંતિ કહે છે.**

જ્યાં ભાવ્ય-ભાવકભાવ હોય ત્યાં જ ભોક્તા-ભોગ્ય સંબંધ સંભવી શકે છે. ભાવ્ય-ભાવકભાવ એક જ દ્રવ્યમાં તે દ્રવ્યના પરિણામ અને દ્રવ્ય વચ્ચે હોય છે. પણ અન્ય અન્ય દ્રવ્યોમાં કે તેના પરિણામો વચ્ચે નહિ. તેથી જીવ પોતે ભાવક છે અને તેના સમયે સમયે થતાં પરિણામ તેનું ભાવ્ય છે. એટલે કે જીવ પોતે ભોક્તા છે અને પોતાના પરિણામ જ પોતાનું ભોગ્ય છે. તેથી જીવ કોઇ પરવિષયનો ભોક્તા નથી અને પરવિષય તેનું ભોગ્ય નથી. એટલે કે જીવ પરવિષયને ભોગવતો જ નથી. પરવિષયનો ભોગવટો કરતો દેખાતો જીવ ખરેખર તે સમયે પરવિષયને ભોગવતો નથી પણ પરવિષયના જ્ઞાન કે પરવિષયના કારણે થતા પોતાના રાગને જ ભોગવે છે. જ્ઞાની પરવિષયનો જ્ઞાતા હોવાથી તે પરવિષય સંબંધી જ્ઞાનને ભોગવે છે અને અજ્ઞાની પરવિષયનો ભોક્તા બનતો હોવાથી તે પરવિષય સંબંધી પોતાના રાગને ભોગવે છે. પણ જ્ઞાની કે અજ્ઞાની કોઇ પરવિષયને ભોગવતું નથી, ભોગવી શકતું નથી.

દેવનો જીવ દેવાંગનાના રૂપને ભોગવે તેમ બનતું નથી. જ્ઞાની દેવ હોય તો દેવાંગનાના રૂપસંબંધી પોતાના જ્ઞાનને ભોગવે છે અને અજ્ઞાની દેવ હોય તો આ રૂપ મને ઠીક છે એવી ઇષ્ટ બુદ્ધિરૂપ રાગ થાય તેમ જ આ રૂપને હું ભોગવું છું એવી મિથ્યામાન્યતારૂપ અભિપ્રાય થાય તેને તે ભોગવે છે. પણ પરવિષયોને ભોગવવું આ આત્મા માટે અશક્ય છે.

જેમ કૂતરો સૂકાયેલું હાડકું ચાવે અને તેની અણી પોતાની દાઢમાં લાગે અને તેથી નીકળતાં પોતાના લોહીને ચાખી આ હાડકાનો સ્વાદ છે, આ હાડકાને ભોગવું છે, એમ માને છે. તે ખરેખર હાડકાને કારણે નીકળતા પોતાના લોહીને જ ભોગવે છે. પણ હાડકાને ભોગવતો નથી. તેમ આ જીવ પરસંબંધી પોતાના રાગને જ ભોગવે છે. પણ પરવિષયને ભોગવતો નથી.

**પ્રશ્ન : આત્મા પરવિષયને ભોગવે તો શો દોષ આવે?**

**ઉત્તર :** આત્મા પરવિષયને ભોગવે તો તેની સાથે તન્મયપણાનો પ્રસંગ આવે અને તેથી બે પદાર્થો એક થવારૂપ સંકરદોષ બને. આપણે જોઇ ગયા તેમ જ્યાં ભાવ્ય-ભાવકભાવ હોય ત્યાં જ ભોક્તા-ભોગ્ય સંબંધ હોય છે, જે એક જ દ્રવ્યમાં હોય છે. દ્રવ્ય પોતે ભોક્તા છે અને તેના પરિણામ તેનું ભોગ્ય છે. જો જીવ પરવિષયને ભોગવે તો પરવિષયના પરિણામ જ જીવના પરિણામ બની જાય અને તેથી જીવ અને પરવિષય બન્ને ભેગા મળીને એક જ થઇ જાય. જીવ પોતે પરવિષયમય થઇ જાય. એટલે જીવ પોતે જડ થઇ જાય અને તેથી જીવનો જ નાશ થાય એવો મોટો દોષ આવે.

**પ્રશ્ન :** પરવિષય સાથે તન્મય થયા વગર માત્ર પરવિષયને સ્પર્શીને પણ તેને ભોગવી શકાય ?

**ઉત્તર :** જે કોઇ ભોગવટો હોય છે તે પોતાના પરિણામરૂપ હોય છે, તેથી તે તન્મયપણે જ હોય છે. પરવિષય તેમાં નિમિત્તરૂપે જ હોય છે. ભોક્તા-ભોગ્યનું સ્વરૂપ જ એવું છે કે તે ભાવ્ય-ભાવકભાવ વિના હોતું નથી અને તેથી તે એક જ દ્રવ્યમાં તે દ્રવ્ય અને તેની પર્યાય વચ્ચે હોય છે. દ્રવ્ય-પર્યાયનું તન્મયપણું પ્રસિદ્ધ છે. તેથી તન્મય થયા વગર પરવિષયને ભોગવી શકાતો નથી.

આત્મા પરને દેખીને કે સ્પર્શીને તેને ભોગવે છે તેમ મનાય છે, ત્યાં ખરેખર જે ભોગવટો હોય છે તે પરના દેખવા કે સ્પર્શવાને કારણે થતા જ્ઞાનનો કે રાગનો હોય છે. તેથી ત્યાં પણ ભોગવટો પોતાના જ પરિણામનો હોય છે અને તેથી તન્મયપણે જ હોય છે.

વિશેષપણે જોવામાં આવે તો આ આત્મા પર સાથે તન્મય તો નથી, પણ નિશ્ચયથી પરને સ્પર્શતોય નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કોઇ ફેરફાર કરે, હસ્તક્ષેપ કરે તો તે તેને સ્પર્શ્યું કહેવાય. પણ બધાં દ્રવ્યો પરિપૂર્ણ અને સ્વતંત્ર છે. અને કોઇ કોઇમાં ફેરફાર કે હસ્તક્ષેપ કરતા નથી. તેથી કોઇ કોઇને સ્પર્શતું નથી. આ આત્મા '**એકક્ષેત્રાવગાહે** રહેલા પોતાની એકદમ નજીકના પાંચ ઇન્દ્રિયોના પૂતળારૂપ પોતાના શરીરને પણ સ્પર્શતો નથી તો તે પરવિષયને કેમ સ્પર્શે ? ન જ સ્પર્શે. અને સ્પર્શ્યા વિના તેને કેમ ભોગવે ? ન જ ભોગવે.

**પ્રશ્ન :** અમને તો પરવિષયો ભોગવાતા હોય તેમ જણાય છે. તો તે શું છે ?

**ઉત્તર :** ખરેખર આત્મા પરવિષયને ભોગવતો નથી કે ભોગવી શકતો પણ નથી. પરંતુ પરવિષયને લક્ષે થતા પોતાના જ ભોગવટાના ભાવને ભોગવે છે. આ ભોગવટાના ભાવમાં ***'હું પરવિષયને ભોગવું છું.'*** એવી મિથ્યા માન્યતા અને પરવિષયના લક્ષે થતો રાગભાવ છે. તેથી પરવિષયને ભોગવતો હોય તેવું જણાય છે તે એક ભ્રાંતિ છે, વાસ્તવિકતા નથી.

કોઇ પુરુષ સ્ત્રીનો પ્રત્યક્ષ સમાગમ પામે ત્યારે એમ માનવામાં આવે છે કે તેણે સ્ત્રીના વિષયને વાસ્તવમાં ભોગવ્યો. આ જ પુરુષ આ જ સ્ત્રીને તેના પ્રત્યક્ષ સમાગમ વિના સ્વપ્નદોષથી ભોગવતો ભાસે ત્યારે એમ માનવામાં આવે છે કે તેનો આ ભોગવટો ભ્રાંતિ છે. પણ આ બન્ને પ્રકારમાં થતું વીર્યસ્ખલન અને ભોગવટાનો ભાવ એક સરખો છે. તેથી આ બન્ને પ્રકારનો ભોગવટો સમાનપણે ભ્રાંતિ જ છે, વાસ્તવિકતા નથી. કેમ કે, આ બન્ને પ્રકારમાં ખરેખર પરવિષયને ભોગવવામાં આવતો નથી પણ પરવિષયના લક્ષે થતાં પોતાના રાગને જ ભોગવવામાં આવે છે.

જેમ કોઇ સ્વપ્નમાં માને કે મેં સુખડી ખાધી . ધરાઈ ધરાઈને ખાધી. મારી ભૂખ ભાંગી. મને તૃપ્તિ થઇ. પણ ખરેખર સ્વપ્નાની સુખડી ભોગવાતી જ નથી અને તેથી કોઇ ભૂખ ભાંગતી નથી અને તૃપ્તિ થતી નથી. તેમ કોઇ અજ્ઞાની માને કે મેં વિષયોનું સેવન કર્યું. ધરાઇ ધરાઇને કર્યું. મારી તૃષ્ણા મટી, મને તૃપ્તિ થઈ. પણ ખરેખર વિષયોનો ભોગવટો થતો જ નથી અને તેથી કોઇ તૃષ્ણા ટળતી નથી અને તૃપ્તિ થતી નથી.

ઉપર મુજબ વિષયોને ભોગવી શકાતા ન હોવા છતાં તેને ભોગવી શકાય છે તેમ માનવું તે અજ્ઞાનીની ભ્રાંતિ છે. પરવિષયોનો ભોગવટો કાલ્પનિક હોવાથી 'મેં પરને ભોગવ્યું'- આવી માન્યતાપૂર્વક ઉત્પન્ન થતી સુખની લાગણી પણ કાલ્પનિક છે, ભ્રાંતિ છે અને વાસ્તવિકતા નથી.

### *૨.૭.૩. વિષયોના ભોગવટાના ભાવથી દુ:ખ હોવા છતાં તેને સુખ માનવાની ભ્રાંતિ*

**ઈચ્છાનુસાર વિષયનો ભોગવટો થતા નથી. જે ભોગવટો થાય છે તે વિષયનો હોતો નથી. પણ વિષયના લક્ષે થતા પોતાના રાગભાવનો જ હોય છે. રાગભાવ પોતે જ દુ:ખરૂપ છે. તેથી વિષયના ભોગવટાના ભાવથી દુ:ખ છે. તેમ છતાં તે સુખ છે, તેવી અજ્ઞાની જીવની મિથ્યા માન્યતા છે. તેને વિષયોના ભોગવટાના ભાવથી દુ:ખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિ કહે છે.**

જીવ જે દુ:ખ હોય તેને જ સુખ માની લ્યે તે એક ભ્રાંતિ છે. અજ્ઞાનના કારણે આવી ભ્રાંતિ હોય છે. આવી ભ્રાંતિના કારણે અજ્ઞાની જીવ વિષયોને મેળવવા, ભોગવવા અને સાચવવામાં પોતાની સંપૂર્ણ જીંદગી ખર્ચી નાંખે છે. તેને એક સમય પણ નિરાંત નથી. વિષયોને મેળવવા ચારેબાજુ '*હવાતિયા* નાંખે છે. પ્રાપ્ત વિષયોને ભોગવવા તેમાં '' *ઝંપાપાત* કરે છે. અને વિષયોને સાચવવાકે સુરક્ષા માટે અનેક ઉપાયો પ્રયોજે છે. પણ અનાદિકાળથી

આજ સુધીમાં આ વિષયોમાંથી સુખનો એક અંશ પણ મળ્યો નથી. જો સુખ મળ્યું હોય તો શાંતિ હોય, સંતોષ હોય, નિરાકુળતા હોય. પણ વિષયોની પાછળ દોટ મૂકીને આ જીવ અશાંતિ, અસંતોષ અને આકુળતાને જ પ્રાપ્ત થયો છે.

જેમાં જે હોય તેમાંથી તેની પ્રાપ્તિ થાય અને જેમાં જે ન હોય તેમાંથી તેની પ્રાપ્તિ ન થાય. પોતાના આત્મામાં જ પોતાનું સુખ છે, તેથી આત્માના લક્ષે સુખની પ્રાપ્તિ થાય અને પરવિષયોમાં સુખ નથી, તેથી પરવિષયોના લક્ષે સુખની પ્રાપ્તિ ન થાય.

આત્મા સ્વયં સુખસ્વરૂપી છે. સુખ એ આત્માનો સ્વભાવ છે. જે પોતાને અનુકૂળ હોય, કાયમ ટકી શકતું હોય અને સ્વલક્ષે ઉત્પન્ન થતું હોય તે સ્વભાવ છે. સુખ પોતાને અનુકૂળ છે, કાયમ ટકી શકે છે અને સ્વલક્ષે ઉત્પન્ન થાય છે. માટે તે પોતાના સ્વભાવ છે. દુઃખ એ આત્માનો વિભાવ છે. જે પોતાને પ્રતિકૂળ હોય, કાયમ ટકી શકતું ન હોય અને પરલક્ષે ઉત્પન્ન થતું હોય તે વિભાવ છે. દુઃખ પોતાને પ્રતિકૂળ છે, કાયમી ટકી શકતું નથી અને પરલક્ષે ઉત્પન્ન થાય છે. માટે તે પોતાનો વિભાવ છે. તેથી પોતાના સ્વભાવના લક્ષે ઉત્પન્ન થાય તે જ પોતાનું સુખ છે અને પરવિષયોના લક્ષે ઉત્પન્ન થાય તે પોતાનું દુઃખ જ છે. તેથી સુખી થવા માટે પરવિષયોનું લક્ષ છોડી પોતાના શુદ્ધ સ્વભાવનું લક્ષ કરવું જરૂરી છે.

જેમ કસ્તુરીમૃગની ડૂંટીમાં જ સુગંધી છે. તેથી તેને તે સુગંધી મેળવવા બહાર ક્યાંય જવાની જરૂર નથી. પણ તેને તેનું ભાન નથી. અને તેથી તે સુગંધી બહારથી આવે છે તેમ માની પવનની દિશામાં દોટ મૂકે છે. પણ ત્યાંથી તેને કોઈ સુગંધી મળતી નથી અને પોતાની જે સુગંધી છે તેનાથી તે "વંચિત રહે છે. તેમ જીવના પોતાના સ્વભાવમાં જ પોતાનું સુખ છે. તેથી તેને તે સુખ મેળવવા બહાર ક્યાંય જવાની જરૂર નથી. પણ તેને તેનું ભાન નથી અને તેથી તે સુખ બહારથી આવે છે તેમ માની પરવિષયોની પાછળ દોટ મૂકે છે. પણ ત્યાંથી તેને કોઈ સુખ મળતું નથી અને પોતાનું જે સુખ છે તેનાથી તે વંચિત રહે છે.

**પ્રશ્ન :** વિષયના સેવનમાં સુખ ન હોવા છતાં સુખ જેવું ભાસે છે તેનું શું કારણ ?

**ઉત્તર :** જીવના મોહજન્ય રતિભાવને કારણે વિષયના સેવનમાં સુખ ન હોવા છતાં સુખ જેવું ભાસે છે. તે આ રીતે–

વિષયની ઈચ્છા હોય અને તેનો ભોગવટો ન બને ત્યાં સુધી વિષયની ઈચ્છાનું દુઃખ હોય છે. તે દુઃખ વિષય ન મળવાને કારણે નથી પણ તે સમયે વિષય ન મળવાના કારણે ઉત્પન્ન થતા પોતાના મોહજન્ય અરતિભાવને કારણે હોય છે. અરતિભાવ એટલે અણગમાનો ભાવ છે. હવે જ્યારે વિષયની ઈચ્છાનુસાર વિષયપ્રાપ્તિ અને તેનો ભોગવટો બને ત્યારે સુખ મનાય છે. તે સુખ વિષયના ભોગવટાનું નથી પણ તે સમયે વિષયના ભોગવવાના કારણે ઉત્પન્ન થતા પોતાના મોહજન્ય રતિભાવને કારણે હોય છે. રતિભાવ એટલે ગમાનો ભાવ છે. આમ અરતિભાવમાં દુઃખની લાગણી અને રતિભાવમાં સુખની લાગણી અનુભવાય છે. તેથી અજ્ઞાનીને તે બંનેનો અનુભવ ભિન્ન ભાસે છે.

પરંતુ વાસ્તવમાં અરતિભાવ અને રતિભાવ એ બન્ને પ્રકારના ભાવ એ મોહજન્ય કષાયના ભાવ છે. કોઈપણ કષાયનો ભાવ દુઃખદાયક હોય છે. તેથી તે બન્ને સમાનપણે દુઃખદાયક છે. તેથી અરતિભાવની જેમ રતિભાવ પણ આત્માને માટે દુઃખરૂપ છે, સુખરૂપ નથી. જો તે ખરેખર સુખરૂપ હોય તો તેથી નિરાકુળતા અને શાંતિ થવી જોઈએ. પરંતુ વિષયના ભોગવટાથી પણ આત્માની આકુળતા અને અશાંતિ ઊભી જ હોય છે. આમ વિષયના ભોગવટાના કારણે ઉત્પન્ન થતો રતિભાવ પણ દુઃખરૂપ જ છે. તોપણ તે જીવને સુખરૂપ જણાય તો તે ભ્રાંતિ છે. આ ભ્રાંતિનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનીને ભ્રાંતિના કારણે વિષયનો ભોગવટો સુખરૂપ જણાય છે. પણ જ્ઞાનીને ભ્રાંતિ ન હોવાને કારણે વિષયનો ભોગવટો સુખરૂપ જણાતો નથી.

**પ્રશ્ન :** જ્ઞાનીને શા કારણે વિષયનો ભોગવટો સુખરૂપ જણાતો નથી ?

**ઉત્તર :** જ્ઞાનીને મિથ્યાત્વ અને અનંતાનુબંધી મોહનો અભાવ છે. તેથી તેના કારણે થતી ભ્રાંતિનો અભાવ છે, ભ્રાંતિનો અભાવ હોવાથી તે વસ્તુના સ્વરૂપને જેમ છે, તેમ સમજી શકે છે. તેથી તે સુખને સુખપણે અને દુઃખને દુઃખપણે સમજી શકે છે. વળી તેને

સાચા આત્મિક સુખની ઓળખાણ અને અનુભવ છે. તેની પાસે આ વિષયજન્ય કહેવાતું સુખ નિરસ અને તુચ્છ લાગે છે. હાફુસ કેરીના સ્વાદ માણનારને લીંબોળીનો સ્વાદ સારો લાગતો નથી તેમ આત્મિક સુખ ભોગવનારને વિષયિક સુખ સારૂં લાગતું નથી. તેથી જ્ઞાનીને વિષયનો ભોગવટો સુખરૂપ જણાતો નથી. ખરેખર તો જ્ઞાની થયા અગાઉની આત્માર્થીની ભૂમિકામાં પણ વિષયનો ભોગવટો સુખરૂપ ભાસતો નથી.

**પ્રશ્ન** : શું આત્માર્થીને પણ વિષયનો ભોગવટો સુખરૂપ ભાસતો નથી ?

**ઉત્તર** : જેને આત્મામા સુખ ભાસે તે આત્માર્થી છે અને વિષયમાં સુખ ભાસે તે સંસારાર્થી છે. તેથી વિષયજન્ય કહેવાતા સુખની ઉપેક્ષા હોય તો જ આત્માર્થી પણું પ્રગટે છે. આત્માર્થીને જેમ જેમ મિથ્યાત્વ અને મોહ મંદ પડતા જાય છે તેમ તેમ તેનો વિષયનો રસ નીતરતો જાય છે અને આત્માનો અનુભવ થતાં વિષયનો રસ સર્વથા છૂટી જાય છે.



આત્માર્થીની શરૂઆતની ભૂમિકામાં જે વિષય પહેલાં રસકસવાળા જણાતાં હતાં તે જ હવે તેને ફીક્કા ભાસે છે. મિથ્યાત્વ મંદ પડતા અગાઉ જે વિષયો સોના જેવા ભાસતા હતા તે જ હવે ધૂળ જેવા ભાસે છે. આત્માર્થીની ભૂમિકામાં આગળ વધતાં અગાઉ જે સ્વાદિષ્ટ ભોજન જેવા જણાતા હતા તે જ વિષયો હવે વિષ્ટા જેવા જણાય છે. અને આત્માર્થીની ટોચની ભૂમિકામાં અગાઉ જે પરમ અમૃત જેવા લાગતા હતા તે જ વિષયો હવે હળાહળ ઝેર જેવા લાગે છે. જેને આ વિષયો હળાહળ ઝેર જેવા લાગે તે જ જીવ આત્માના પરમ આનંદરૂપી અમૃતનો અધિકારી જાણી આત્માનુભવની નજીક જાણવો. આત્માર્થીની આવી જુદી જુદી કક્ષામાં પોતે ક્યાં ઊભો છે તે પોતે જાતે જ નક્કી કરવું.

**પ્રશ્ન** : જ્ઞાનીને વિષયનો ભોગવટો સુખરૂપ જણાતો નથી. તો તે શા માટે વિષયની પ્રવૃત્તિમાં જોડાઈ છે ?

**ઉત્તર** : જ્ઞાનીને આત્મિક અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ અને અનુભવ છે. તેમની આગળ કહેવાતા વિષયજન્ય ઇન્દ્રિય સુખ તેમને દુઃખરૂપે જ ભાસે છે. તોપણ પૂર્વના સંસ્કાર, પુરુષાર્થની નબળાઇ, ચારિત્રની અધુરાશ અને કર્મની બળજોરી જેવા કારણોસર વિષયની ઇચ્છા અને તેના પ્રતિકારરૂપ વિષયનો ભોગવટો જ્ઞાનીને પણ હોય છે. તોપણ જ્ઞાનીનો આ અસ્થિરતાનો દોષ છે, અભિપ્રાયનો દોષ નથી. તેથી તેઓ તેને શીઘ્ર દૂર કરવા માટે પ્રયત્નશીલ હોય છે.

જ્ઞાનીને અભિપ્રાયની અપેક્ષાએ વિષયના ભોગવટામાં જરાય સુખ ભાસતું નથી. તેથી તે હોય તોપણ ન હોવા બરાબર છે અને કોઇક વૈરાગ્યનું કારણ બનતાં તેઓ તેનો તુરત જ ત્યાગ કરી શકે છે. ચક્રવર્તી, તીર્થંકર જેવા મહાપુરુષો અઢળક વિષયભોગોની વચ્ચે હોવા છતાં તત્ક્ષણ તેનો ત્યાગ કરીને આત્માની સાધના કરવા માટે વનજંગલમાં ચાલ્યા જાય છે. તો શું તેઓ દુઃખી થવા માટે જતા હશે ? ના, પણ તેઓ અસ્થિરતાથી થતું દુઃખ ટાળવા માટે જાય છે. ખરેખર વિષયોને છોડવાથી આત્માનું કાંઇ ચાલ્યું જતું નથી પણ ઊલટાનો પરમ પદાર્થ એવા આત્માના પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. તેથી હે ભાઇ ! તું સ્થિરતા અપેક્ષાએ વિષયને ન છોડી શકે તો કાંઇ નહિ પણ અભિપ્રાય અપેક્ષાએ તો તેને છોડ. તે છોડવાથી તારૂં અનાદિનું દુઃખ ટળશે અને આત્મિક સુખની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન** : તમે ગમે તે કહો પણ અમને તો વિષયનો ભોગવટો પ્રત્યક્ષ સુખપણે જ ભાસે છે. અમને આત્માના સુખની પ્રાપ્તિ કે ઓળખાણ નથી. અરે ! તેની ગંધ પણ નથી. તો પછી જે છે તેને છોડવું શું કામ ?

**ઉત્તર** : હે મિત્ર ! જે છોડવાનું છે તે સુખ નથી પણ દુઃખ છે. વળી તમો તેને છોડો એમ પણ કહેવું નથી. પણ તમારા અભિપ્રાયમાં એ દુઃખ છે અને છોડવા જેવા છે તેટલી વાત બેસાડો તોય ઘણું. આવો અભિપ્રાય પણ એક મહાન ઉપલબ્ધિ છે. આવો અભિપ્રાય હશે તો તેના પરિણામે સાચું આત્માર્થીપણું

પ્રગટશે. સંસારની ઉદાસીનતા આવશે અને પુરુષાર્થ અવળો છે તે સવળો થશે. એટલે કે વિષયોની પાછળ પ્રવર્તતો પુરુષાર્થ ત્યાંથી પાછો વળીને આત્માને ઓળખવાનું કામ કરશે. આત્માને ઓળખવાથી આત્માનો અનુભવ થશે. આત્માના અનુભવથી આત્મિક સુખની પ્રગટતા થશે. આત્મિક સુખની પ્રાપ્તિ થતાં સંસારનું કહેવાતું સુખ આપમેળે છૂટી જશે. તેથી મોક્ષમાર્ગમાં પ્રવેશ પમાશે અને ત્યાંથી આગળ વધીને ક્રમશઃ મોક્ષદશા સુધી પણ પહોંચાશે. તેથી ગમે તે ઉપાયે વિષયોમાંથી સુખબુદ્ધિ છોડો. વિષયજન્ય કહેવાતું સુખ એ વાસ્તવિકતા નથી. ભ્રાંતિ છે, કલ્પના છે.



**પ્રશ્ન : ભલે કાલ્પનિક તો કાલ્પનિક પણ તે સુખ અમને ઈષ્ટ છે.**

**ઉત્તર :** વિષયના ભોગવટાનું સુખ કિંપાક ફળ જેવું છે. કિંપાક ફળ દેખાવમાં સુંદર અને સ્વાદમાં મધુરા હોય છે. પણ તેને આરોગતા જ આત્મા તેના શરીરથી અલગ પડી જાય છે. તેથી તે પરિણામે દુઃખરૂપ છે. તેમ સાંસારિક વિષયો દેખાવમાં સુંદર અને અનુભવમાં મધુરા ભાસે છે. પણ તેના ભોગવટાથી આત્મા તેના સુખથી દૂર થઇ જાય છે. તેથી તે પરિણામે દુઃખરૂપ છે.

વાસ્તવમાં કલ્પના પોતે જ દુઃખ છે. સન્નિપાતનો રોગી દુઃખી હોવા છતાં દાંત કાઢે, તેમ આ જીવ દુઃખી હોવા છતાં જૂઠી કલ્પના વડે પોતાને સુખી માને છે. અજ્ઞાની પોતે સુખી છે તેવી માન્યતા કરે એ માન્યતા તેને મુબારક હો. પણ તેથી કોઇ વાસ્તવિક સુખ થતું નથી. આ જીવ વિષયજન્ય સુખ માટેની પ્રવૃત્તિ તો અનાદિકાળથી કરતો આવ્યો છે. પણ તેનાથી તેને કોઇ સુખની પ્રાપ્તિ થઇ નથી. તેથી કહેવાતું ભ્રાંતિજન્ય કાલ્પનિક સુખ જતું કરવાથી કોઇ નુકસાન નથી, પણ ફાયદો જ છે. કેમ કે, તેનાથી દુઃખના કારણોને ટાળીને સાચા સુખની પ્રાપ્તિનો ઉપાય થઇ શકશે.

ઉપર જણાવ્યા અનુસાર વિષયોના ભોગવટામાં દુઃખ હોવા છતાં તેને સુખ માનવામાં આવે તે ભ્રાંતિ છે. તેથી વિષયજન્ય કહેવાતું સુખ પણ એક ભ્રાંતિ છે અને વાસ્તવિકતા નથી.

## ૩. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિનું દુઃખ

**વિષયના ભોગવટા પછી પણ થતા અસંતોષને વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિનું દુઃખ કહે છે.**

વિષયના ભોગવટાથી કોઈ સુખ હોતું નથી તે બાબત આપણે જોઈ ગયા છીએ. વાસ્તવમાં વિષયના ભોગવટાથી તૃષ્ણા વધતી જાય છે. અને તેથી કોઈ સુખ કે શાંતિ થતા નથી. તેથી વિષયના ભોગવટા પછી પણ દુઃખ જ ચાલુ રહે છે. અને કોઈપણ પ્રકારે તૃપ્તિ થતી નથી. તેને વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિનું દુઃખ કહે છે.

વિષયની પ્રવૃત્તિથી ક્યારેય તૃપ્તિ થતી નથી તેથી વિષય ભોગવ્યા પછી પણ અતૃપ્તિના કારણે જીવ દુઃખી જ રહે છે. વિષયના ભોગવટા પહેલા તેની ઇચ્છાનું દુઃખ હોય છે અને વિષયના ભોગવટાથી તે ઇચ્છાની વૃદ્ધિ જ થાય છે અને જીવ ખેદ પામે છે. તેથી વિષયનો ભોગવટો પણ કોઇ પ્રકારે સુખરૂપ થઇ શકતો નથી. પણ તેમાં ભ્રાંતિથી સુખ મનાતા જીવ તે ભોગવટાથી છૂટો પડી શકતો નથી. પણ છેવટે ઇન્દ્રિયો શ્રમિત થવાથી કે તે પ્રકારના વિષય સંબંધી કર્મની ઉદીરણા પૂરી થવાથી તે વિષયનો ભોગવટો પૂરો કરવો પડે છે. તેથી વિષયના ભોગવટા પછી જે સંતોષ કે તૃપ્તિ થવી જોઇએ તે જરાય થતા નથી અને ઊલટાનો અસંતોષ કે અતૃપ્તિ જ થાય છે. વિષયના ભોગવટા પછી આવતી શરીરની શિથિલતા, ચિત્તનો સંતાપ અને હૃદયની લાલસા તેની અતૃપ્તિને ઓર વધારે છે. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિ નીચેના ત્રણ પ્રકારે દર્શાવી શકાય છે –

૩.૧. શરીરમાં શિથિલતાના કારણે થતી અતૃપ્તિ

૩.૨. ચિત્તમાં સંતાપના કારણે થતી અતૃપ્તિ

૩.૩. હૃદયમાં લાલસાના કારણે થતી અતૃપ્તિ.

### ૩.૧. શરીરમાં શિથિલતાના કારણે થતી અતૃપ્તિ

વિષયના ભોગવટા પછી શારીરિક સંતોષ કે

તૃપ્તિ થતી હોઈ તો શરીરમાં સ્ફૂર્તિ અને ચુસ્તિ વર્તાવી જોઈએ. પણ વિષયના ભોગવટા પછી શરીર બેચેન અને સુસ્ત બની જાય છે. જે અતૃપ્તિને દર્શાવે છે. જેને શરીરમાં થતી શિથિલતાના કારણે થતી અતૃપ્તિ કહે છે.

વિષયના ભોગવટાથી ઇન્દ્રિયો શ્રમિત થાય, શ્વાસોચ્છ્વાસ વધી જાય, હાંફ ચઢે, શરીરમાં નબળાઇ લાગે, તાવ અને શરદી જેવા રોગ પણ આવી પડે તેવી બાબતને શરીરની શિથિલતા કહે છે. જે અતૃપ્તિ અને તેથી થતા દુઃખનું કારણ છે.



શ્રોત્રેન્દ્રિયના ભોગવટાથી શરીર શ્રમિત થાય છે. ચક્ષુરિન્દ્રિયના ભોગવટા પછી આંખ દુઃખે છે, બેચેની આવે છે. ઘ્રાણેન્દ્રિયના ભોગવટાથી માથુ દુઃખે છે. રસનેન્દ્રિયના ભોગવટાથી પ્રમાદ થાય છે. સ્પર્શેન્દ્રિયના ભોગવટાથી શરીરનું વીર્ય હણાઇ જાય છે. શરીરનું કૌવત અને કામઊર્જા નાશ પામે છે, હાંફ ચડે છે, થાક લાગે છે. જો જગતમાં વિષયના ભોગવટા પછી થતી તૃપ્તિ અને તેથી થતું સુખ આવું જ હોય, તો પછી અતૃપ્તિ અને તેથી થતું દુઃખ કોને કહેવું ? તેથી આ પ્રકારે થતી શરીરની શિથિલતા એ આત્મામાં અતૃપ્તિ અને તેથી થતા દુઃખનું જ કારણ માનવું.

### ૩.૨. ચિત્તમાં સંતાપના કારણે થતી અતૃપ્તિ

**વિષયના ભોગવટા પછી માનસિક સંતોષ કે તૃપ્તિ થતી હોઈ તો ચિત્તમાં પ્રસન્નતા પ્રગટવી જોઈએ. પણ તેના બદલે ચિત્તમાં ઉદાસી છવાઈ જાય છે. જેને ચિત્તમાં સંતાપને કારણે થતી અતૃપ્તિ કહે છે.**

વિષયના ભોગવટા પછી મનમાં થતા ઉદ્વેગ, ક્લેશ, ચિંતા, મોહ, અપરાધ અને ડંખ જેવી લાગણીને ચિત્તનો સંતાપ કહે છે. જે અતૃપ્તિ અને તેથી થતા દુઃખનું કારણ છે.

સામાન્યપણે શ્રોત્રેન્દ્રિયના વિષયના ભોગવટા પછી મનમાં ઉદ્વેગ, ચક્ષુરિન્દ્રિયના ભોગવટા પછી ક્લેશ, ઘ્રાણેન્દ્રિયના ભોગવટા પછી ચિંતા, રસનેન્દ્રિયના ભોગવટાથી મોહ અને સ્પર્શેન્દ્રિયના ભોગવટા પછી અપરાધ અને ડંખની લાગણી જોવા મળે છે. જે જીવની અતૃપ્તિ અને તેથી થતા દુઃખને જ બતાવે છે.

### ૩.૩. હૃદયમાં લાલસાના કારણે થતી અતૃપ્તિ

**વિષયના ભોગવટા પછી હાર્દિક સંતોષ કે તૃપ્તિ થતી હોઈ તો હૃદય પ્રફુલ્લિત અને તરબત્તર બની જવું જોઈએ પણ તે ખિન્ન અને ખાલી ભાસે છે. જેને હૃદયમાં ઉત્પન્ન થતી લાલસાના કારણે થતી અતૃપ્તિ કહે છે.**

વિષયના ભોગવટા પછી તે વિષય ફરી ફરી મેળવવાની ઇચ્છા, આસક્તિ કે વાંછા રહ્યા કરે છે. જેને હૃદયમાં ઉત્પન્ન થતી લાલસા કહે છે. જે અતૃપ્તિ અને તેથી થતા દુઃખનું કારણ છે.

કોઇપણ વિષયના ભોગવટા પછી હૃદયમાં તે વિષય ફરી ફરી મેળવવાની, નવા નવા પ્રકારે મેળવવાની, વધુ પ્રમાણમાં પ્રાપ્ત કરવાની વગેરે પ્રકારની લાલસા રહ્યા કરે છે. જે વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિ અને તેથી થતા દુઃખને દર્શાવે છે.

ઉપર મુજબ વિષયના ભોગવટા પછી થતી શરીરમાં શિથિલતા, ચિત્તમાં સંતાપ અને હૃદયમાં લાલસા તેની અતૃપ્તિનું અને તેથી થતાં દુઃખનું જ કારણ બને છે. તેથી આ વિષયનો ભોગવટો ધિક્કારને પાત્ર છે. આચાર્યશ્રી જિનસેનના શબ્દોમાં–

(અનુષ્ટુપ)

**स्त्रीभोगो ना सुखं चेतः, संमोहाद् गात्रसादनात्।**
**तृष्णानुबन्धात् संताप, रुपत्वाच्च यथाज्वरः ॥**
**अतृप्तिजनकान् एतान्, विषयान् धिगपयायिनः।**
**येषामासेवनं जन्तोः, न संतापोपशान्तय ॥**

**ભાવાર્થ : સ્ત્રી આદિ વિષયના ભોગવટા પછી શરીરમાં શિથિલતા, મનમાં સંતાપ અને હૃદયમાં લાલસા ઉત્પન્ન થાય છે જે આત્માને તૃપ્તિદાયક કેમ હોય ? ન જ હોય. જેના સેવનથી જીવનો સંતાપ દૂર થતો નથી એવા વિનાશિક અને અતૃપ્તિકર વિષયોને ધિક્કાર છે !**
(આદિપુરાણ : ભાગ ૧ : પર્વ : ૧૧, શ્લોક ૧૬૫, ૧૬૪)

## વિષયજન્ય દુઃખ મટાડવાનો ઉપાય

**પાંચ ઈન્દ્રિયોના વિષયોને ભોગવતા પહેલાં તેની તૃષ્ણાનું દુઃખ, ભોગવતા સમયે થતાં ખેદનું દુઃખ અને તે ભોગવ્યા પછી થતી અતૃપ્તિનું દુઃખ એ દરેકને વિષયજન્ય દુઃખ કહે છે.**

ઈન્દ્રિય વિષયોની આસક્તિ મટાડવી એ જ વિષયજન્ય દુઃખને મટાડવાનો ઉપાય છે. વિષયોની આસક્તિ મટાડવા માટે તેમાં રહેલી સુખબુદ્ધિ મટાડવી જરૂરી છે. વિષયોમાં સુખબુદ્ધિ એ જીવનું અનાદિથી ચાલ્યું એક મહામિથ્યાત્વ છે. વિષયોમાં સુખબુદ્ધિ નામનુ મિથ્યાત્વ મટે તો જ વિષયોની આસક્તિ અને તેના કારણે થતું વિષયજન્ય દુઃખ ટળે છે.

વિષયજન્ય પ્રવૃત્તિ સઘળા પ્રકારે દુઃખમય છે. તોપણ મિથ્યાત્વ અને મોહના કારણે જીવ તેમાં જ સુખને માને છે. જેમ કોઈને સર્પનું તીવ્ર ઝેર ચઢ્યું હોય તેને લીમડાના કડવા પાંદડા  પણ મીઠા લાગે છે તેમ અજ્ઞાની જીવને મિથ્યાત્વ અને મોહનું એવું તીવ્ર ઝેર ચઢી ગયું છે કે તેને દુઃખરૂપ વિષયો પણ સુખરૂપ ભાસે છે. સર્પનું ઝેર ઓછું થાય તો જ લીમડાના પાંદડા મીઠા ન લાગે. તેમ મિથ્યાત્વનું ઝેર મંદ પડે તો જ વિષયો સુખરૂપ ન ભાસે.

મનુષ્ય પોતાના મન  અને ઈન્દ્રિયોનો ઉપયોગ વ્રત કે અવ્રત, સંયમ કે અસંયમ, ત્યાગ કે તૃષ્ણા પૈકી કોઈ પણ રીતે સદુપયોગ કે દુરુપયોગ કરી શકે છે. મન અને ઈન્દ્રિયોનો સદુપયોગ કરી ઈન્દ્રિયવિષયની નિરર્થકતા સમજી વિષયાસક્તિ મટાડવી એ જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ઈન્દ્રિયો વડે જ ઈન્દ્રિયોના વિષયની આસક્તિ અને તેથી થતું વિષયજન્ય દુઃખ મટાડવાનો ઉપાય સૂચવતા આચાર્યશ્રી પૂજ્યપાદ કહે છે –

**જેમ જેમ વિષયો સુલભ, પણ નહિ રુચિમાં આય,**
**તેમ તેમ આત્મ-તત્ત્વમાં અનુભવ વધતો જાય.**

**જયમ જયમ સંવેદન વિષે આવે ઉત્તમ તત્ત્વ,**
**સુલભ મળે વિષયો છતાં, જરીયે કરે ન મમત્વ.**

ભાવાર્થ : ઈન્દ્રિય વિષયોનો ભોગવટાને બદલે ઈન્દ્રિય વિષયોની નિરર્થકતા સમજવામાં પોતાની ઈન્દ્રિયોનો સદુપયોગ કરે છે, તેઓને સુલભ વિષયો પણ રુચતા નથી. અને તેથી આત્મતત્ત્વનો અનુભવ આવતો જાય છે.

જેમ જેમ ઉત્તમ આત્મતત્ત્વનો અનુભવ આવતો જાય છે તેમ તેમ વિષયો સુલભ હોવા છતાં પણ તેમાં જરાય મમત્વ એટલે કે આસક્તિ થતી નથી. આ રીતે વિષયાસક્તિ મટવાથી વિષયજન્ય દુઃખ પણ મટે છે. (ઈષ્ટોપદેશ : ગાથા ૩૮, ૩૭)

## ઉપસંહાર

સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા જેવા જ્યોર્તિમય વિમાનોમાં રહેતા દેવોને જ્યોતિર્વાસી દેવ કહે છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર વગેરેની ગતિ અને સ્થાનના આધારે જ્યોતિષ-વિષયક ભવિષ્યના ફળાદેશની આગાહી થઇ શકતી હોવાથી તેમાં રહેલા આ દેવોને જ્યોતિષી દેવ પણ કહે છે.

સઘળાં પ્રકારના સંસારી જીવો સઘળાં પ્રકારના સાંસારિક દુઃખોથી દુખી છે. તે રીતે જ્યોતિષી દેવ પણ સઘળાં પ્રકારના દુઃખોથી દુઃખી છે. તોપણ જ્યોતિષી દેવમાં વિષયજન્ય દુઃખની મુખ્યતા છે. વાસ્તવમાં બધાં અજ્ઞાની જીવો વિષયજન્ય દુઃખથી ત્રસ્ત છે. વિષયની પીડા સહન નહિ થતા તેઓ વિષયોમાં ઝંપલાવે છે. પણ તેથી તેઓનું દુઃખ ટળવાને બદલે વધે છે. અજ્ઞાની જીવ ભ્રાંતિથી પોતાના દુઃખને પણ સુખ માની વિષયોની પાછળ દોટ મૂકે છે. તે કહેવાતા વિષયજન્ય સુખ માટે કોઇ પણ પ્રકારનું પાપ કરવા તત્પર રહે છે. અને વિષયજન્ય પ્રવૃત્તિમાં પોતાની જીંદગી બરબાદ કરે છે.

આ જીવ ભ્રાંતિથી વિષયોમાં સુખ માની વિષયોને ભોગવવા અને સાચવવામાં પોતાની સમગ્ર જીંદગી ખર્ચી નાખે છે. પણ અનાદિકાળથી આજસુધીમાં કોઇને ક્યારેય પણ વિષયમાંથી સુખ મળ્યું નથી. ખરેખર જે જેમાં હોય તે તેમાંથી મળે. વિષયોમાં સુખ નથી પણ પોતાના આત્મામાં જ પોતાનું સુખ છે. આત્મા સ્વયં સુખસ્વભાવી છે. આત્માની ઓળખાણ અને આશ્રયથી આત્મિક અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. માટે જીવ જેવો પ્રયત્ન પરવિષયોને પ્રાપ્ત કરવા અને તેને ભોગવવા માટે કરે છે, તેવો જ પ્રયત્ન જો સ્વવિષય એવા પોતાના આત્માને ઓળખીને તેનો આશ્રય કરવામાં કરે તો અનાદિનું દુઃખ ટળી શાશ્વત અતીન્દ્રિય આત્મિક સુખની પ્રાપ્તિ થાય. આ પ્રકારની શીખ ફરમાવતા આચાર્યશ્રી યોગીન્દુ દેવ કહે છે–

(દોહરો)

**જેમ રમતું મન વિષયમાં તેમ જો આત્મે લીન;**
**શીઘ્ર લહે નિર્વાણપદ ધરે ન દેહ નવીન.**

**ભાવાર્થ :** જેમ આ જીવનું મન વિષયોની પ્રવૃત્તિ પાછળ વિષયોમાં રમે છે, તેમ જો આ મન ત્યાંથી પાછું વળીને પોતાની આત્માની ઓળખાણ કરી આત્માની લીનતા કરવામાં પ્રવર્તે, તો ફરી ફરી જન્મધારણ કરવાનો અભાવ થઈ શાશ્વત સુખની સિદ્ધદશાની શીઘ્ર જ પ્રાપ્તિ થાય. (યોગસાર : ગાથા ૫૦)

## ટિપ્પણ

**૧ દેદીપ્યમાન** ઝગમગતું. • **૨ કાલાગ્નિ** કાળરૂપી અગ્નિ, પ્રલયાગ્નિ. • **૩ અકિંચિત્કર** અકાર્યકારી, કાંઈ કામ ન આવે એવી. • **૪ દુઃસહ** સહન ન થઈ શકે તેવું, અસહ્ય. • **૫ પરિદેવના** સંક્લેશ પરિણામથી કરુણાજનક રડવું તે પરિદેવના કહેવાય છે. • **૬ ઉદીરણા** સત્તામાં રહેલ કર્મોને વહેલા ઉદયમાં લાવીને તેનું ફળ ભોગવવું તેને ઉદીરણા કહે છે. • **૭ છદ્મસ્થ** અલ્પજ્ઞ, અધૂરા જ્ઞાનવાળો. • **૮ એકક્ષેત્રાવગાહ** આકાશના એક જ ક્ષેત્રમાં રહેલ હોય તેને એકક્ષેત્રાવગાહ કહે છે. શરીર અને આત્મા એકક્ષેત્રાવગાહ છે. • **૯ હવાતિયા** ફાંફાં • **૧૦ ઝંપાપાત** ઝંપલાવવું • **૧૧ વંચિત** રહિત

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧. પ્રવચનસાર : ગાથા ૬૩, ૬૪ અને તેની ટીકા

**જ્યોતિષી દેવ કોને કહે છે ?** ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧૨/૨૪૪/૫; • ૨. તત્વાર્થરાજવાર્તિક : ૪/૧૨/૧/૨૧૮/૮; • ૩. તિલોયપણ્ણતિ : ૭/૩૮; • ૪. તત્વાર્થસૂત્ર : ૪/૧૨; • ૫. જૈ. સિ. કોશ : ભાગ૨ : જ્યોતિષદેવ : ૧૨ : પાનું ૩૪૫; • ૬. ધવલ : ૫/ પ્ર. ૨૭ (જૈ. સિ. કોશ ભાગ૨: જ્યોતિષ વિદ્યા, પાનું ૩૫૧).

**જ્યોતિષી દેવનું સ્વરૂપ** ૧. તત્વાર્થસૂત્ર : ૪/૫, ૪/૧૨ થી ૧૫,૪/૪૦-૪૧; • ૨. તિલોયપણ્ણતિ : ૭/૭, ૧૪, ૨૫, ૩૧, ૬/૧૭-૨૫; • ૩. ત્રિલોકસાર : ગાથા ૨૪૯, ૩૦૩,૩૬૨, ૩૮૧,૩૮૯-૯૧, ૩૯૫, ૩૯૭, ૪૪૬; • ૪. હરિવંશપુરાણ : ૬/૮, ૯, ૨૮, ૨૯; ૪/૬૮; • ૫. જંબૂદ્વીપપણ્ણતિ : ૧૨/૮૭, ૮૮; ૧૧/૧૩૯; • ૬. ત્રિલોકભાસ્કર : જ્યોતિર્વાસી દેવ : પાનું ૨૩૩ થી ૨૪૪ • ૭. મૂલાચાર : ગાથા ૧૧૨૨, ૧૧૨૩, ૧૦૬૨; • ૮. તત્વાર્થરાજવર્તિક : ૪/૪૦-૪૧/૨૪૯; • ૯. જૈ. સિ. કોશ : ભાગ૧ : આયુ ૭/૮, પાનું ૨૬૬; અવગાહના : ૪/૩, પાનું૧૮૦; ભાગ૨ : જ્યોતિષી દેવ : પાનું ૩૪૫, ૩૪૬; • ૧૦. વરાંગચરિત : સર્ગ૯ : શ્લોક ૬, પાનું૭૧.

**ચક્રવર્તીદ્વારા સૂર્યના જિનબિંબના દર્શન** : ૧. ત્રિલોકભાસ્કર: પાનું ૨૩૮; • ૨. ત્રિલોકસાર: ગાથા ૩૮૧,૩૮૯, ૩૯૦, ૩૯૧; • ૩. જૈ.સિ.કોશ: ભાગ ૧: ઇન્દ્રિય: ૩/૬, પાનું ૩૦૬.

**જ્યોતિષી દેવના વિષયજન્ય દુઃખ** ૧. પ્રવચનસાર : ગાથા ૬૩, ૬૪ અને તેની • ૨. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૫૫.

**વિષય કોને કહે છે ?** ૧. તત્વાર્થસૂત્ર : ૨/૧૯,૨૦,૨૧, ૫/૨૩, ૮/૧૧ અને તેની ટીકા; • ૨. પંચસંગ્રહ : પ્રાકૃત : ૧/૬૮, સંસ્કૃત : ૧/૮૧; • ૩. જૈ. સિ. કોશ : ભાગ૧ : ઇન્દ્રિય ૩/૬/૧, પાનું ૩૦૬; • ૪. સર્વાર્થસિદ્ધિ : ૧/૨૫/૧૩૨/૪; • ૫. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૪૭૯ અને તેની ટીકા; • ૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : વિષય પાનું ૫૭૦; • ૭. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા૧૮૬ની ટીકા.

**વિષયજન્ય દુઃખ અને તેના પ્રકાર**

**૧. વિષય ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિનું દુઃખ;** ૧. પ્રવચનસાર : ગાથા ૬૩ અને તેની ટીકા; • ૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ત્રીજો પાનું ૫૧;

**૨. વિષયના ભોગવટા સમયે થતા ખેદનું દુઃખ;** ૧. પ્રવચનસાર : ગાથા ૨૧, ૨૨, ૫૫થી ૭૬ અને તેની ટીકા; • ૨. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૩૮થી ૨૭૭; • ૩. અમિતગતિ આચાર્યકૃત યોગસાર પ્રાભૃત : અધ્યાય ૩, ગાથા ૩૪ થી ૩૭, અધિકાર ૯: ગાથા ૧૨, ૧૩; • ૪. આત્માનુશાસન : શ્લોક ૩૪, ૩૮, ૩૯, ૪૩, ૪૭, ૪૯, ૫૦, ૫૧,૫૫, ૬૪, ૮૫, ૯૨, ૧૦૦, ૧૫૬, ૧૫૭, ૧૬૩, ૧૬૪, ૧૬૮, ૧૮૯, ૧૯૧, ૧૯૨, ૧૯૬, ૨૩૦, ૨૩૩; • ૫. બહેનશ્રીના વચનામૃત : નં. ૧,૧૫૮, ૩૪૮,૩૪૯,૩૭૧,૪૧૪,૪૧૮; • ૬. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૧૭,૨૮૬; • ૭. શ્રીમદરાજચંદ્ર : વર્ષ ૨૩મું, પત્રાંક ૧૦૮, પાનું ૨૧૩; વર્ષ ૩૧મું, પત્રાંક ૮૩૨, પાનું ૬૨૦; • ૮. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય ૨૨ એકત્વ ભાવનાદશક, શ્લોક ૬; • ૯. મુનિવર રામસિંહ રચિત પાહુડ દોહા : દોહા ૨,૩,૪,૫,૧૦,૧૧; • ૧૦. સમયસાર : ગાથા ૨૧૬; • ૧૧. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૯,૨૫,૨૭૩ અને તેની ટીકા; • ૧૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર, ૩ પાનું ૬૨ થી ૬૫, અધિકાર ૯, પાનું ૩૦૯; • ૧૩. ધવલ : ૬/૧, ૯-૧, ૧૮/૩૬/૨; • ૧૪. જૈ. સિ. કોશ : ભાગ ૩ : વેદનીય : પાનું ૫૯૩, ૫૯૪; • ૧૫. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૧૧૪૩ની મખનલાલકૃત ટીકા; • ૧૬. ભગવતી આરાધના : અધિકાર ૩૫. કવચ અધિકાર : ગાથા ૧૬૦૭ની ૧ ૬ ૯ ૧ ; • ૧૭. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૫૮ થી ૬૨;

**૩. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિનું દુઃખ;** ૧. ઇષ્ટોપદેશ : ગાથા ૬,૭,૧૭,૩૦; • ૨. આદિપુરાણ : ભાગ૧ : પર્વ૧૧, શ્લોક૧૬૫, ૧૬૪.

**વિષયજન્ય દુઃખ મટાડવાનો ઉપાય** : ૧. ઇષ્ટોપદેશ : ગાથા ૩૭, ૩૮.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. કઇ પ્રવૃત્તિ જીવના દુઃખને દર્શાવે છે ?** ૧. ☐
A. વિષયોની પ્રવૃત્તિ B. આર્થિક પ્રવૃત્તિ
C. ધાર્મિક પ્રવૃત્તિ D. શૈક્ષણિક પ્રવૃત્તિ

**૨. જ્યોતિષી દેવોનું 'જ્યોતિષી' નામ કઇ રીતે સાર્થક છે ?** ૨. ☐
A. આ દેવો જ્યોતિષ જોવાનું કામ કરતા હોવાથી
B. આ દેવોના આધારે ભવિષ્યના ફળાદેશની જ્યોતિષી વિષયક આગાહી થઇ શકતી હોવાથી
C. આ દેવો સૂર્ય, ચંદ્ર જેવા જ્યોતિર્મય નિવાસ સ્થાન ધરાવતા હોવાથી
D. આ દેવો જ્યોતિ જેવી દેદીપ્યમાન દિવ્યતા ધરાવતા હોવાથી

**૩. જ્યોતિષી દેવના પરિવારનો ઇન્દ્ર કોણ હોય છે ?** ૩. ☐
A. નક્ષત્ર દેવ B. ગ્રહ દેવ
C. ચંદ્ર દેવ D. સૂર્ય દેવ

**૪. જ્યોતિષી દેવની ઓળખાણ કઇ રીતે નથી ?** ૪. ☐
A. દિવ્યતા ધરાવનાર દેવ B. જ્યોતિર્વાસી દેવ
C. કલ્પવાસી દેવ D. વૈમાનિક દેવ

**૫. સૂર્યના કિરણો ઉષ્ણ શા માટે ?** ૫. ☐
A. સૂર્યના બિંબમાં અગ્નિકાયના જીવો હોવાથી
B. સૂર્યમાં એક મોટી સળગતી ભઠ્ઠી આવેલ હોવાથી
C. સૂર્ય એક સળગતા હાઇડ્રોજન વાયુનો ગોળો હોવાથી
D. સૂર્યના બિંબમાં સ્થિત પૃથ્વીકાયના જીવો આતાપ નામકર્મનો ઉદય ધરાવતા હોવાથી

**૬. નીચે પૈકી કઇ બાબતમાં જ્યોતિષી દેવ એ વ્યંતરદેવ જેવા છે.** ૬. ☐
A. આયુષ્ય B. અવસ્થાન
C. પર્યાપ્તિ D. કાય પ્રવીચાર

**૭. આપણી પૃથ્વીથી સૂર્ય સૌથી નજીક ક્યારે હોય છે ?** ૭. ☐
A. ઉત્તરાયણના દિવસે B. ૨૧મી ડિસેમ્બરે
C. ૧૪મી જાન્યુઆરીએ D. ૨૨મી જુને

**૮. વિષયજન્ય દુઃખમાં કોનો સમાવેશ થતો નથી ?** ૮. ☐
A. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિ
B. વિષયના ભોગવટા સમયે થતો ખેદ
C. વિષયને ભોગવવા માટેની ઇચ્છાનો અભાવ
D. વિષયને ભોગવવા માટેની આસક્તિ

૯. વિષયને ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિના ૯.☐
દુ:ખનું મૂળ કારણ શું છે ?
A. મોહ–રાગ–દ્વેષ
B. અજ્ઞાન
C. ઈન્દ્રિયો પ્રત્યેની મૈત્રી
D. ઉદયમાં આવેલ મહામોહરૂપી કાલાગ્નિ

૧૦. વિષયની પીડાનું દુ:ખ કોનાથી અધિક છે ? ૧૦.☐
A. મરણના દુ:ખથી B. જન્મના દુ:ખથી
C. નરકના દુ:ખથી D. રોગના દુ:ખથી

૧૧. આ જીવ પોતાનું સુખ પોતાના આત્મામાં ૧૧.☐
જ છે તેવો ભરોસો લાવી તેને મેળવવાનો
ઉપાય ક્યારે વિચારી શકે ?
A. જો તેને વિષયના ભોગવટામાં પણ દુ:ખ ભાસે તો
B. જો તેને વિષયની આસક્તિનું દુ:ખ અનુભવાય તો
C. જો તેને વિષયના ભોગવટા પછી પણ દુ:ખ છે
તેની ખબર પડે તો
D. જો તેને વિષયજન્ય સુખની પ્રાપ્તિ ન થાય તો

૧૨. વિષયના ભોગવટાની પરાધીનતામાં નીચે પૈકી ૧૨.☐
કઈ બાબતનો સમાવેશ નથી ?
A. નિમિત્તાધીનપણું B. બાધાયુક્તપણું
C. વિષયપણું D. ખંડિતપણું

૧૩. વિષયોનું સાધન યુગપદ ક્યારે થાય ? ૧૩.☐
A. વિષયોનો અવિરત પુરવઠો પ્રાપ્ત હોય ત્યારે
B. બધી જ ઈન્દ્રિયો સબળ અને સાબૂત હોય ત્યારે
C. મોહનો સર્વથા અભાવ થાય ત્યારે
D. તીર્થંકર જેવો પુણ્યનો ઉદય હોય ત્યારે

૧૪. વિષયોની પ્રવૃત્તિ શા માટે બાધાવાળી છે ? ૧૪.☐
A. કર્મના ઉદયને આધીન હોવાથી
B. વિષયોને અવલંબતી હોવાથી
C. શાતાવેદનીયના ઉદયને અશાતાવેદનીયનો
ઉદય ચ્યૂત કરતો હોવાથી
D. તૃષ્ણાની પ્રગટ વ્યક્તતા સહિતની હોવાથી

૧૫. ભાવતા ભોજન સમયે જેસુખ ભાસે છેતેકેવુંછે? ૧૫.☐
A. અનુપમ B. દિવ્ય
C. વાસ્તવિક D. ભ્રાંતિજન્ય

૧૬. વિષયની પ્રવૃત્તિનું બાધાવાળું દુ:ખ ૧૬.☐
મટાડવા શું કરવું ?
A. વિષયની ઉપલબ્ધિમાં થતી અડચણને આઘી કરવી
B. વિષયના ભોગવટામાંઆવતી બાધાને દૂર કરવી
C. વિષયને સારી રીતે ભોગવવા ઈન્દ્રિયોને સશક્ત કરવી
D. વિષયની તૃષ્ણા મટાડવાનો ઉપાય કરવો

૧૭. ક્યા પ્રકારના કર્મના બંધનું ફળ દુ:ખ છે ? ૧૭.☐
A. મોહકર્મના બંધનું ફળ
B. પુણ્ય કર્મના બંધનું ફળ
C. પાપ કર્મના બંધનું ફળ
D. દરેકપ્રકારના કર્મના બંધનું ફળ

૧૮. નીચે પૈકી કયો સમ્યક્ સિદ્ધાંત છે ? ૧૮.☐
A. દુ:ખરૂપ પરિણામનું ફળ સુખ
B. સુખરૂપ પરિણામનું ફળ દુ:ખ
C. દુ:ખરૂપ પરિણામનું ફળ દુ:ખ
D. ઉપર પૈકીનો એકેય સમ્યક્ સિદ્ધાંત નથી

૧૯. વિષય સાપેક્ષ આત્માના પરિણામ શા માટે દુ:ખરૂપ જ હોય ? ૧૯.☐
A. પૌદ્ગલિક હોવાથી
B. વિભાવિક હોવાથી
C. વિષયમાં સુખ ન હોવાથી
D. વિષયનું સુખ આત્મામાં આવી શકતું ન હોવાથી

૨૦. વિષયસેવનની તૃષ્ણા કઈ રીતે મટે ? ૨૦.☐
A. સ્વભાવનું લક્ષ અને તેનો આશ્રય કરવાથી
B. વિષયનું લક્ષ અને તેનો આશ્રય કરવાથી
C. વિષયનો ભરપૂર ભોગવટો કરવાથી
D. વિષયસેવન માટે ઈન્દ્રિયોને પ્રબળ કરવાથી

૨૧. આ જગતમાં વાસ્તવિક સુખ કેટલા પ્રકારે છે?ક્યું છે? ૨૧.☐
A. એક પ્રકારે : આત્મિક અતીન્દ્રિય સુખ
B. બે પ્રકારે : ૧. ઈન્દ્રિય સુખ અને ૨. અતીન્દ્રિય સુખ
C. ત્રણપ્રકારે: ૧.માનસિકસુખ૨.વાચનિકસુખઅને૩.કાયિકસુખ
D. ચાર પ્રકારે : ૧. આર્થિક સુખ ૨. કૌટુંબિક સુખ
૩. સામાજીક સુખ અને ૪. શારીરિક સુખ

૨૨. વિષયની તૃષ્ણારૂપી ખાડો કઈ રીતે પૂરાય ? ૨૨.☐
A. ત્રણ લોકની સમગ્ર સામગ્રીથી જ તે પૂરાય છે
B. વિષયનો ત્યાગ કરવાથી તે પૂરાય છે
C. અનેક વિષયોને એકસાથે ભોગવવાથી તે ભરાય છે
D. તે કોઈ રીતે પૂર્ણ થતો જ નથી

૨૩. વિષયના ભોગવટાને લૌકિકમાં સુખ માનવામાં ૨૩.☐
આવે છે તે શું છે ?
A. ક્ષણિક સુખ B. સાચુ સુખ
C. અપારમાર્થિક રૂઢિ D. પારમાર્થિક રૂઢિ

૨૪. વિષયના ભોગવટા સંબંધી નીચે પૈકી કઈ ૨૪.☐
બાબત એ ભ્રાંતિ નથી ?
A. વિષયો ભોગવી શકાય છે
B. વિષયોને ભોગવવાથી સુખ છે
C. વિષયના ભોગવટાથી તૃપ્તિ થાય છે
D. વિષયના ભોગવટાથી ચિત્તમાં સંતાપ થાય છે

૨૫. વિષયનો ભોગવટો ઈચ્છાનુસાર ન થવાનું ૨૫.☐
કારણ શું હોય છે ?
A. અનેક ઈચ્છાઓનું સાધન એક સાથે થતું નથી
B. વિષયનો ભોગવટો થતા ઈચ્છા ટળી જાય છે
C. ઈચ્છાનુસારની વિષયની સામગ્રી મળતી નથી
D. ઈચ્છાનો અને ભોગવટાના ભાવનો મેળાપ થતો નથી

૨૬. અજ્ઞાની વિષયના ભોગવટા સમયે ૨૬.☐
વાસ્તવમાં શું ભોગવે છે ?
A. વિષયના ગુણોને B. વિષયસંબંધિતજ્ઞાનને
C. વિષયજન્ય આનંદને D. વિષયના લક્ષે થતા રાગને

૨૭. પરવિષય સાથે ક્યા પ્રકારનો સંબંધ શક્ય નથી ૨૭.☐
કે જેના કારણે તેને ભોગવી શકાતા નથી ?
A. જ્ઞાન–જ્ઞેય B. નિમિત્ત–નૈમિત્તિક
C. વિષય–વિષયી D. ભાવ્ય–ભાવક

૨૮. આત્મા પરવિષયને ભોગવે તો શો દોષ આવે ? ૨૮.☐
A. અભાવ દોષ B. અપ્રતિપત્તિ દોષ
C. સંકર દોષ D. કોઈ દોષ નથી

૨૯. વિષયોની પાછળ દોટ મૂકીને આ જીવ ૨૯.☐
શાને પ્રાપ્ત થાય છે ?
A. આનંદ B. આકુળતા C. શાંતિ D. સંતોષ

**૩૦. વિષયસેવનમાં સુખ ન હોવા છતાં સુખ જેવું ભાસે છે તેનું શું કારણ ?** ૩૦.☐
A. મોહજન્ય રતિભાવ B. ઈચ્છાની પૂર્તિ
C. ઈચ્છાનુસાર ભોગવટો D. વિષયસેવનથી થતી તૃપ્તિ

**૩૧. જ્ઞાની શા કારણે વિષયના ભોગવટાને સુખરૂપ માનતા નથી ?** ૩૧.☐
A. મિથ્યાત્વના અભાવના કારણે
B. ઈચ્છાના અભાવના કારણે
C. વિષયના ભોગવટાના અભાવના કારણે
D. પોતાની મહાનતાના કારણે

**૩૨. આત્માર્થીની ઉત્કૃષ્ટ ભૂમિકામાં વિષયનો ભોગવટો કેવો ભાસે છે ?** ૩૨.☐
A. ધૂળ જેવો B. હળાહળ ઝેર જેવો
C. વિષ્ટા જેવો D. કાળા નાગ જેવો

**૩૩. જ્ઞાની વિષયની પ્રવૃત્તિમાં શું કામ જોડાઇ છે ?** ૩૩.☐
A. પ્રાપ્ત વિષયો વ્યર્થ વેડફાઈ ન જાય તે માટે
B. સાંસારિક સુખ માણવા માટે
C.પુરુષાર્થની નબળાઇના કારણે
D. ગૃહસ્થધર્મ જાળવવા માટે

**૩૪. અભિપ્રાયમાં વિષયનો ભોગવટો છોડવો એ શું છોડવાનું નથી ?** ૩૪.☐
A. અનાદિનું દુઃખ B. અવળો પુરુષાર્થ
C. અજ્ઞાન D. વિષયજન્ય સુખ

**૩૫. આ જીવ વિષયનો ભોગવટો ક્યારે બંધ કરે છે ?** ૩૫☐
A. સુખની પરાકાષ્ઠા આવે ત્યારે
B. ઈચ્છાનો અભાવ થાય ત્યારે
C. તૃપ્તિ થાય ત્યારે
D. ઈન્દ્રિયો શ્રમિત થાય ત્યારે

**૩૬. વિષયના ભોગવટા પછી થતી અતૃપ્તિ નીચે પૈકી ક્યા પ્રકારે હોતી નથી ?** ૩૬. ☐
A. ચિત્તમાં સંતાપના કારણે થતી અતૃપ્તિ
B. હૃદયમાં લાલસાના કારણે થતી અતૃપ્તિ
C. શરીરમાં શિથિલતાના કારણે થતી અતૃપ્તિ
D. સુખની ઓછપના કારણે થતી અતૃપ્તિ

**૩૭. વિષયના ભોગવટા પછી શરીરમાં શું સંભવતું નથી** ૩૭. ☐
A. થાક અને નબળાઇ B. બેચેની અને સુસ્તી
C. તાવ અને શરદી D. સ્ફૂર્તિ અને ચુસ્તી

**૩૮. સ્પર્શેન્દ્રિયના વિષયના ભોગવટા પછી સામાન્યપણે કેવી લાગણી થાય છે ?** ૩૮.☐
A. ઉદ્વેગ અને ક્લેશની B. ચિંતા અને મોહની
C.અપરાધ અને ડંખની D. પ્રસન્નતા અને સંતોષની

**૩૯. વિષયના ભોગવટા પછી હૃદયમાં શું થાય છે?** ૩૯. ☐
A. હૃદયમાં શાંતિ થાય છે
B. હૃદયમાં ફરી ફરી વિષય ભોગવવાની આસક્તિ થાય છે
C. હૃદય તૃપ્ત થાય છે
D. હૃદય પ્રફુલ્લિત થાય છે

**૪૦. આ જીવનું મન વિષયોમાં રમવાને બદલે આત્માની લીનતામાં પ્રવર્તે તો શું થાય ?** ૪૦.☐
A. શાશ્વત સુખની સિદ્ધદશાની પ્રાપ્તિ થાય
B. ફરી બીજો જન્મ ધારણ ન થાય
C. વિષયજન્ય સુખ મળતું બંધ થાય
D. વિષયજન્ય સુખ કે આત્મિક સુખ બેમાંથી એકેય ન મળે અને જીવ 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' થાય

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

૧. વિષયની પ્રવૃત્તિ કરનારા જીવ કેવા જાણવા ?
૨. જ્યોતિષી દેવમાં ક્યા પ્રકારના દુઃખની મુખ્યતા છે ?
૩. સ્વર્ગના દેવો પણ શા માટે દુઃખી છે ?
૪. જ્યોતિષી દેવથી ઊંચા કક્ષાના કોણ છે ?
૫. જ્યોતિષી દેવથી નીચી કક્ષાના દેવ કોણ છે ?
૬. જ્યોતિષી દેવનું શરીર કેવું હોય છે ?
૭. જ્યોતિષી દેવના શરીરમાં શું હોતું નથી ?
૮. જ્યોતિષી દેવના શરીરનું સંસ્થાન કેવું છે ?
૯. જ્યોતિષી દેવનો આહાર કેવો હોય છે ?
૧૦. જ્યોતિષી દેવના નિવાસસ્થાન કેવા હોય છે ?
૧૧. જ્યોતિષી દેવ પોતાની દેવાંગના સાથે શું જુએ છે ?
૧૨. સૂર્યના કિરણો ઉષ્ણ શા માટે હોય છે ?
૧૩. ચંદ્રના કિરણો શીતળ શા માટે હોય છે ?
૧૪. જ્યોતિષી દેવના મૂળ શરીરની ઊંચાઇ કેટલી હોય છે ?
૧૫. જ્યોતિષી દેવનું ઓછામાં ઓછું આયુષ્ય કેટલું હોય છે ?
૧૬. જ્યોતિષી દેવની દેવાંગનાનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું હોય છે?
૧૭. જ્યોતિષી દેવનો અવધિજ્ઞાનનો વિષય કેટલો હોય છે ?
૧૮. કઈ બાબતમાં જ્યોતિષી દેવનું સ્વરૂપ વ્યંતર દેવ જેવું હોય છે ?
૧૯. કઈ બાબતમાં જ્યોતિષી દેવનું સ્વરૂપ ભવનવાસી દેવ જેવું હોય છે ?
૨૦. ચક્ષુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય કેટલો ?
૨૧. વિષય કોને કહે છે ?
૨૨. સ્પર્શેન્દ્રિયના વિષયના પ્રકાર જણાવો.
૨૩. રસનેન્દ્રિયના વિષયના પ્રકાર જણાવો.
૨૪. ઘ્રાણેન્દ્રિયના વિષયના પ્રકાર જણાવો.
૨૫. ચક્ષુરિન્દ્રિયના વિષયના પ્રકાર જણાવો.
૨૬. શ્રોત્રેન્દ્રિયના વિષયના પ્રકાર જણાવો.
૨૭. વિષયને ભોગવ્યા પહેલા થતી તેની આસક્તિનું દુઃખ કોને કહે છે ?
૨૮. વિષયનો ભોગવટો કઇ રીતે પરાધીન છે ?
૨૯. છદ્મસ્થ જીવ એકસમયે એકસાથે કેટલા વિષયોને ગ્રહણ કરી શકે છે?
૩૦. વિષયની પ્રવૃત્તિ શા માટે બાધાવાળી છે ?
૩૧. વિષયસેવનના પરિણામથી ક્યા પ્રકારના કર્મનું બંધન થાય છે ?
૩૨. પ્રેરક નિમિત્ત કોને કહે છે ?
૩૩. વિષય સેવનની તૃષ્ણા એટલે શું ? તે કોને આશ્રયે થાય છે ? તે કઇ રીતે મટે ?
૩૪. વિષયના ભોગવટા પછી થતું દુઃખ શાના કારણે હોય છે ?
૩૫. વિષયના ભોગવટા પછી થતી કઈ બાબતને શરીરની શિથિલતા કહે છે ?
૩૬. વિષયના ભોગવટા પછી થતા સંતાપના કારણે શું થાય છે?
૩૭. વિષયના ભોગવટા પછી હૃદયમાં ઉત્પન્ન થતી લાલસાના કારણે શું ભાસે છે ?
૩૮. આત્માની ઓળખાણ અને આશ્રયથી શેની પ્રાપ્તિ થાય છે?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. વિષયની આસક્તિની પીડાનું દુઃખ દૂર કરવા અજ્ઞાની જીવ શું કરે છે ? અને તેનાથી શું થાય છે ?
૨. જ્યોતિષી દેવનું જ્યોતિષી નામ કઇ રીતે સાર્થક છે ?
૩. જ્યોતિષી દેવ બીજા ક્યા નામે ઓળખાય છે ? શા માટે ?
૪. જ્યોતિષી દેવની દિવ્યતાનું વર્ણન કરો.
૫. જ્યોતિષી દેવના રહેઠાણ અપેક્ષાએ કેટલા પ્રકાર છે ? દરેકના નામ આપો.

૬. જ્યોતિષી દેવના કામગીરી અપેક્ષાએ કેટલા પ્રકાર છે ? દરેકના નામ આપો.
૭. જ્યોતિષી દેવના પરિવારનું સ્વરૂપ જણાવો.
૮. ક્યા જ્યોતિષી વિમાનો અચળ અને ક્યા ચલ હોય છે ?
૯. જ્યોતિષી દેવના આયુનુ સ્વરૂપ જણાવો.
૧૦. જ્યોતિષી દેવમાં ઉપજવાનું કારણ જણાવો.
૧૧. ચક્રવર્તીદ્વારા સૂર્યના જિનબિંબના દર્શનનું વર્ણન કરો.
૧૨. વિષય કોને કહે છે ? કુલ મળીને વિષયના કેટલા પ્રકાર છે તેની ગણત્રી બનાવો.
૧૩. વિષયજન્ય દુઃખ કોને કહે છે ?
૧૪. વિષયજન્ય દુઃખના ત્રણ તબક્કા કે પ્રકાર કહો.
૧૫. અજ્ઞાનના કારણે વિષયની આસક્તિ અને તેનું દુઃખ કઇ રીતે ઉત્પન્ન થાય છે તે દર્શાવતા છ મુદ્દાઓ તેના ક્રમમાં જણાવો.
૧૬. આ જીવને મોહ–રાગ–દ્વેષ ક્યા કારણે હોય છે ? તે સમજાવો.
૧૭. મોહ–રાગ–દ્વેષના કારણે શું થાય છે ? તે સમજાવો.
૧૮. અજ્ઞાની જીવને ઇન્દ્રિયો પ્રત્યે સ્વભાવથી જ મૈત્રી શા માટે હોય છે ? તે સમજાવો.
૧૯. ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી ધરાવતા અજ્ઞાનીની વિષયાસક્તિ વધુ તીવ્ર કેમ બને છે ? આ બાબતે લોખંડના ગોળાનું દૃષ્ટાંત સમજાવો.
૨૦. વિષયની આસક્તિની પીડાનું દુઃખ મરણના દુઃખથી પણ કઇ રીતે અધિક હોય છે તે બાબત સમજાવો.
૨૧. વિષયના ભોગવટા સમયે થતા ખેદનું દુઃખ કોને કહે છે ?
૨૨. વિષયનોભોગવટોકઇરીતેખેદરૂપ છેતેબાબતનાસાત મુદ્દાઓજણાવો.
૨૩. પરાધીનતામાં બીજું શું સમાવેશ પામે છે. કઇ રીતે ?
૨૪. વિષયોનું સાધન શા માટે યુગપદ થઇ શકતું નથી ?
૨૫. વિષયોનું સાધન યુગપદ થઇ શકતું ન હોવાથી વિષયોના ભોગવટા સમયે જીવ એક સમયને માટે પણ નિરાકુળ બની શકતો નથી તે બાબત દર્શાવતા ચાર મુદ્દાઓ લખો.
૨૬. એવું પુણ્ય હોય કે બધી જ ઇચ્છાઓનું સાધન થાય તેવા બધાં વિષયોની પ્રાપ્તિ થાય અને તે વિષયોનો ભોગવટો પણ યુગપદ કે અક્રમે થાય. તે માટે શું કરવું ?
૨૭. બાધા એટલે શું ? વિષયોની પ્રવૃત્તિ કઇ રીતે બાધાવાળી છે ?
૨૮. ભૂખ અનુસાર ભાવતા ભોજન મળે અને ખાવાની પ્રવૃત્તિ થાય તે શું છે ? કઇ રીતે ?
૨૯. વિષયની પ્રવૃત્તિ સમયે જે સુખ ભાસે છે તે શું છે ? કઇ રીતે ?
૩૦. આખી દુનિયા વિષયોની પાછળ દોટ મૂકે છે તો અમારે શું કરવું ?
૩૧. કર્મબંધનના કારણરૂપ પરિણામ શા માટે દુઃખના જ હોય ?
૩૨. ક્યા પ્રકારના પરિણામ એઅશાતાવેદનીયકર્મના આસ્રવનુંકારણ છે?
૩૩. શા માટે વિષયના નિમિત્તે થતા આત્માના પરિણામ દુઃખરૂપ જ હોય ?
૩૪. વિષયના નિમિત્તે થતા વિષય સાપેક્ષ આત્માના પરિણામ દુઃખના જ હોય તેમ શા માટે ?
૩૫. શા માટે વિષયનું સેવન તૃષ્ણા ઘટાડતું નથી અને વધારે છે ?
૩૬. સંતોષ કઇ રીતે પ્રગટે અને તૃષ્ણા કઇ રીતે ભડકે ?
૩૭. તૃષ્ણા કઇ રીતે ઉત્પન્ન થાય છે અને કઇ રીતે ટળે છે ?
૩૮. વિષયનું સેવન કરવાથી વિષયની તૃષ્ણામાં રાહત જણાય છે તો તે તૃષ્ણાની વૃદ્ધિનું કારણ કેમ હોય ?
૩૯. વિષય સેવનમાં તૃષ્ણા મટાડવાનો ઉપાય છે. તો તેનાથી તૃષ્ણા વધે તે કેમ બને ?
૪૦. વિષય સેવનમાં સુખ ભાસે છે તે શું છે ? કઇ રીતે ?
૪૧. તૃષ્ણારૂપી ખાડો શા માટે વિચિત્ર કહેવાય છે ?
૪૨. વિષયની તૃષ્ણા મટાડવા માટે શું કરવું જોઇએ ?
૪૩. શા માટે વિષયજન્ય કહેવાતું સુખ એ ભ્રાંતિ છે ?
૪૪. વિષયના ભોગવટા સમયે થતી ભ્રાંતિ કેટલા પ્રકારે છે ? કયા કયા ?
૪૫. વિષયનો ભોગવટો ઇચ્છાનુસાર માનવાની ભ્રાંતિ એટલે શું ?
૪૬. શા માટે ઇચ્છાનુસારનો વિષયનો ભોગવટો શક્ય નથી ?
૪૭. વિષયનો ભોગવટો ઇચ્છાનુસાર થાય છે તેમ માનવાની ભ્રાંતિનું શું કારણ છે ?
૪૮. જ્ઞાનીને પણ ઇચ્છા અને ભોગવટો કેમ હોય છે ?
૪૯. જ્ઞાનીને ઇચ્છા અને ભોગવટાની વાંછા કેમ હોતી નથી ?
૫૦. વિષયોને ભોગવી શકાય છે એમ માનવાની ભ્રાંતિ એટલે શું ?
૫૧. શા માટે વિષયોને ભોગવી શકાતા નથી ?
૫૨. આ આત્મા પરવિષયોને ભોગવે તો શો દોષ આવે ? કઇ રીતે ?
૫૩. પરવિષય સાથે તન્મય થયા વગર માત્ર પરવિષયને સ્પર્શીને તેને ભોગવી શકાય તે બાબત બરાબર છે ?
૫૪. પરવિષયો ભોગવાતા જણાય છે તે શું છે ? કઇ રીતે ?
૫૫. વિષયોને ભોગવવાથી સુખ છે એમ માનવાની ભ્રાંતિ એટલે શું ?
૫૬. શા માટે વિષયોના ભોગવટામાં સુખ નથી ?
૫૭. આત્માનુ સુખ ક્યાં છે ? તે કઇ રીતે પ્રગટે ?
૫૮. વિષયના સેવનમાં સુખ ન હોવા છતાં સુખ જેવુંભાસે છેતેનુંશુંકારણ ?
૫૯. જ્ઞાનીને શા માટે વિષયનો ભોગવટો સુખરૂપ જણાતો નથી?
૬૦. શું આત્માર્થીને પણ વિષયનો ભોગવટો સુખરૂપ ભાસતો નથી ?
૬૧. આત્માર્થીની જુદી જુદી ભૂમિકામાં વિષયના ભોગવટા સંબંધી જુદી જુદી માન્યતા જણાવો.
૬૨. વિષયનો ભોગવટો સુખરૂપ ન હોવા છતાં જ્ઞાની શા માટે વિષયની પ્રવૃત્તિમાં જોડાઇ છે ?
૬૩. વિષયનો ભોગવટો પ્રત્યક્ષ સુખરૂપ જણાતો હોવા છતાં તેને શા માટે છોડવો જોઇએ ?
૬૪. વિષયના ભોગવટામાં મનાતું સુખ શું છે ? કઇ રીતે ?
૬૫. વિષયના ભોગવટામાં સુખ નથી તેમ ખરેખર માન્યતા થાય તો તેનું ફળ શું આવે ?
૬૬. વિષયના ભોગવટા પછી શરીરમાં શું થાય છે ?
૬૭. જુદી જુદી ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાથી શરીરમાં ક્યા પ્રકારે શિથિલતા આવે છે તે જણાવો.
૬૮. વિષયના ભોગવટા પછી થતી કઇ બાબતને ચિત્તમાં થતા સંતાપનું કારણ માનવામાં આવે છે ?
૬૯. જુદી જુદી ઇન્દ્રિયના વિષયના ભોગવટા પછી ચિત્તમાં કેવી કેવી લાગણી જોવા મળે છે ?
૭૦. વિષયના ભોગવટા પછી થતી કઇ બાબતને હૃદયમાં ઉત્પન્ન થતી લાલસાનું કારણ માનવામાં આવે છે ?
૭૧. આચાર્યશ્રી જિનસેન શા માટે વિષયોને ધિક્કારે છે ?
૭૨. વષયજન્ય દુઃખ મટાડવાનો ઉપાય સમજાવો.
૭૩. આચાર્યશ્રી યોગેન્દુદેવ આપણને શી શીખ આપે છે ?

### નીચેના વચ્ચેના તફાવત દર્શાવો (ત્રણ મુદ્દાઓ આપો)

૧. વિષ અને વિષય
૨. ઉદાસીન નિમિત્ત અને પ્રેરક નિમિત્ત
૩. ઇન્દ્રિય સુખ અને અતીન્દ્રિય સુખ
૪. ઇચ્છા અને ભોગવટા માટે જ્ઞાની .અને અજ્ઞાનીની માન્યતા.

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. વિષયજન્ય દુઃખના પ્રકારો અને પેટા પ્રકારોની જુદા જુદા વિદ્યાર્થીઓના જૂથમાં વહેંચણી કરી તે દરેક ઉપરનો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. આ પ્રકરણમાં આપેલાં દૃષ્ટાંતો અને તેના ઉપરથી તારવેલા સિદ્ધાંતોની યાદી બનાવો.
૩. પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ અને તેનો ભોગવટો આત્માને દુઃખરૂપ હોય છે તે દર્શાવતો સંવાદ શિક્ષકની મદદથી તૈયાર કરી વર્ગખંડમાં ભજવો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. વિષયલક્ષી પ્રવૃત્તિ કર્માધીન, દુઃખરૂપ અને નિરર્થક છે અને આત્મલક્ષી પ્રવૃત્તિ સ્વાધીન, સુખરૂપ અને સાર્થક છે તે બાબતની વિદ્યાર્થીઓને વિશદ સમજૂતી આપો.
૨. આ પ્રકરણમાં જેનો ઉલ્લેખ છે એવા આચાર્યશ્રી કુંદકુંદ, આચાર્યશ્રી જિનસેન અને આચાર્યશ્રી યોગીન્દુદેવના જીવન અને કૃતિ વિશેની માહિતી વિદ્યાર્થીઓને આપો.